નોંધ્યા તારીખ : ૨૧-૦૪-૨૦૨૩
ફેંસલ તારીખ : ૨૯-૦૬-૨૦૨૬
સમયગાળો : <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u>

सत्यमेव जयते

**આણંદના મહે. ચોથા એડીશ્નલ સેશન્સ જજ (શ્રી આર.વી.ચાવડા)શ્રીની કોર્ટમાં, આણંદ**

**સેશન્સ કેસ નં. ૩૯/૨૦૨૨**
**આંક:-**

**ફરીયાદી : શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી : ૧ લાલજીભાઈ ઉફે સુરેશભાઈ જશભાઈ બીન બેચરભાઈ પટેલ**
ઉ.વ. ૫૯ રહેવાસી-મુ.કાવીઠા,જૈન મંદીર પાસે,તા.બોરસદ
જિલ્લો-આણંદ

:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:

**<u>ગુન્હો:- ભારતીય દંડ સંહિતાની કલમ-૪૨૦, ૪૦૬,૩૪૨, ૩૮૪,૧૨૦(બી) ૩૬૪(એ) મુજબ</u>**

:-:-:-:-:-:-:-:-:-:-::-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:

**<u>ફરીયાદ પક્ષે વિધ્વાન એડી.પી.પી.શ્રી આર.એન.સોલંકી</u>**

**<u>આરોપી તર્ફે વિ. વકીલશ્રી આર.કે.શાહ</u>**

-::-::-::-::-::-::-::-::-::-::-::-:-::-::-::-::-::-::-::-::-::

**Form-A**

| | |
|---|---|
| જજમેન્ટ તારીખ | :- ૨૯/૦૬/૨૦૨૬ |
| સેશન્સ કેસ નંબર | :- ૩૯/૨૦૨૨ |
| પોલીસ સ્ટેશન | :- આંકલાવ પોલીસ સ્ટેશન |
| પાર્ટ-એ ગુન્હા રજી નં. | :- ૪૭/૨૦૧૩ |
| ફરીયાદી | :- શ્રી સરકાર (કેતનકુમાર વિનોદચંદ્ર પટેલ) |
| ફરીયાદપક્ષે | :- વિધ્વાન સરકારી વકીલ શ્રી આર.એન.સોલંકી |

| | | |
|---|---|---|
| આરોપી | :– | **લાલજીભાઇ ઉર્ફે સુરેશભાઇ જશભાઇ બીન બેચરભાઇ પટેલ**<br>ઉ.વ. ૫૯ રહેવાસી–મુ.કાવીઠા,જૈન મંદીર પાસે,તા.બોરસદ<br>જિલ્લો–આણંદ |
| આરોપી પક્ષે વિ.વ.શ્રી | :– | આરોપી તર્ફે વિ.વકીલશ્રી આર.કે.શાહ |
| ગુન્હો બન્યા તારીખ | :– | ૧૨/૦૫/૨૦૧૩ થી<br>૦૩/૦૬/૨૦૧૩ દરમ્યાન |
| એફ.આઈ.આર ની તારીખ | :– | ૨૩/૦૬/૨૦૧૩ |
| ચાર્જશીટની તારીખ | :– | ૧૮/૧૧/૨૦૧૩ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | :– | ૨૯/૦૩/૨૦૨૫ |
| પુરાવો નોંધવાનુ શરૂ કર્યા તારીખ | :– | ૧૯/૦૪/૨૦૨૫ |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ | :– | ૦૬/૦૬/૨૦૨૬ |
| જજમેન્ટની તારીખ | :– | ૨૯/૦૬/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ,જો હોય તો | :– | |

**Form-B**

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કયા ગુન્હા હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે. | શું દોષી / નિર્દોષ | સજા ની વિગત | ટ્રાયલ દરમીયાન યુ.ટી.પી. રહેલ સમયગાળો સી.આર. પી.સી. ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | **લાલજીભાઇ ઉર્ફે સુરેશભાઇ જશભાઇ બીન બેચરભાઇ પટેલ** ઉ.વ. ૫૯ રહેવાસી–મુ.કાવીઠા,જૈન મંદીર પાસે,તા.બોરસદ જિલ્લો–આણંદ | **૦૨–૧૦–૧૩ ક.૧૨/૧૫ વાગે** | **૨૩–૧–૨૦૧૪** | ભારતીય દંડ સંહિતાની કલમ–૪૨૦, ૪૦૬,૩૪૨, ૩૮૪,૧૨૦ (બી) ૩૬૪(એ) મુજબ | **નિર્દોષ** | – | – |

**Form-C**

## ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખિક પુરાવાની વિગતઃ–

| **અ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | સી.સી.નં.૨૭૩૩/૨૦૧૩ ના કામે ફરીયાદી કેતનભાઇ વિનોદચંદ પટેલની જુબાની. | ૧૨ |

| | | |
|---|---|---|
| ૨ | સી.સી.નં.૨૭૩૩/૨૦૧૩ ના કામે સાહેદ કમલેશભાઇ પુંજાભાઇ પટેલની જુબાની. | ૧૩ |
| ૩ | સાહેદ ચીરાગભાઇ ચતુરભાઇ પટેલની જુબાની | ૧૪ |
| ૪ | સાહેદ ધર્મેશભાઇ સુરેશભાઇ સોનીની જુબાની | ૧૫ |
| ૫ | સાહેદ રાજેશકુમાર પુંજાભાઇ પટેલની જુબાની. | ૧૬ |
| ૬ | પો.સ.ઇ લાલજીભાઇ વીરાભાઇ વાઘેલાની જુબાની | ૧૭ |
| ૭ | ભોગ બનનાર સાહેદ દીલીપભાઇ અશોકભાઇ પટેલની જુબાની | ૧૯ |

**ફરીયાદપક્ષે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાની વિગતઃ-**

| **અ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | સી.સી.નં.૨૭૩૩/૨૦૧૩ ના કામે આંક-૩૬ થી રજુ થયેલ ફરીયાદ | ૧૮ |

==========================================================

**-// જજમેન્ટ //-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે,આરોપીઓ એકબીજાની મદદગારીમાં રહીને ગુનાહીત કાવતરુ રચીને ફરીયાદી,સાહેદોને અમેરીકા કેનેડા જવાનો વિશ્વાસપીને તા.૧૨-૦૫-૨૦૧૩ થી તા.૦૩-૦૬-૨૦૧૩ ના સમય દરમીયાન આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને આણંદથી દિલ્હી,હરીયાણા મુકામે લઇ જઇ નહી પકડાયેલ આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને હરીયાણાના પાણીપત વિસ્તારમાં સોસાયટી જેવા વિસ્તારમાં મકાનમાં ગોંધી રાખી હાથપગ બાંધી મારઝુડ કરી બળજબરી પુવક ફરીયાદી તથા સાહેદોની પાસેની સોનાની વીંટી તથા ૧૨૦૦ ડોલર તથા છ-છ હજાર લઇ લીધેલા. ત્યારબાદ તેઓના મોબાઇલ નં.૧૬૧૩૦૩૧૩૨૩૩ ઉપરથી ફરીયાદી તથા સાહેદોને પોતપોતાના ઘરે વાત કરાવી કેનેડા પહોંચી ગયેલ છીએ તેવુ કહેવડાવી ત્યારબાદ હાલના આરોપીએ ફરીયાદી તથા સાહેદોને ઘરે જઇ પચ્ચીસ-પચ્ચીસ લાખ મળી કુલ્લે રુ.૫૦,૦૦,૦૦૦/-તથા સાહેદ ધર્મેશ ઉર્ફે લાલી રહે.બોરસદનાઓની પાસેથી રુ.૨૫,૦૦,૦૦૦/-ની રકમ મેળવી ફરીયાદી તથા સાહેદોને કેનેડા કે અમેરીકા નહી મોકલી વિશ્વાસઘાત તથા છેતરપીંડી કરવામા તથા સાહેદોનુ અપહરણ કે અપનયન બાદ અટકાયતમાં રાખી તેઓને ઇજા કરીને તેઓને મૃત્યુ થશે તેવો વ્યાજબી ભય પેદા કરીને ગુનો કરેલાનો આક્ષેપીત કેસ રહેલો છે. આ કામે ફરિયાદી

કેતનકુમાર વિનોદચંદ પટેલ તરફથી આંકલાવ પોલીસ સ્ટેશનમાં તા.૨૩/૦૬/૨૦૧૩ ના રોજ ફરિયાદ નોધાવતાં સદર ફરિયાદની તપાસમાં આ કામે આરોપી સામે હાલનો આક્ષેપીત કેસ ઉપસ્થીત થયેલ છે.

(૨) આ કામે આરોપી વિરુધ્ધ ઉપરોકત ફરીયાદવાળા ગુનાની તપાસના અંતે ત.ક.અ. ને ઈ.પી.કો.કલમ-**૪૨૦,૪૦૬,૩૮૪,૩૪૨,૧૨૦(બી)** મુજબના ગુના સબબ પુરતો પુરાવો મળી આવતાં, તપાસ કરનાર અમલદારે જયુડી.મેજી.કોર્ટ આંકલાવમાં આરોપી વિરુધ્ધ કેસનુ ચાર્જશીટ કરેલ છે. સદર ચાર્જશીટ જયુડી.મેજી. કોર્ટ, આંકલાવ ખાતે ફોજદારી કેસ રજીસ્ટરે ફોજદારી કેસ નં.૨૭૩૩/૨૦૧૩, તા.૧૮-૧૧-૨૦૧૩થી કેસ નોધાયેલ છે. ત્યારબાદ સદર કેસમા વિ.એ.પી.પી. શ્રીએ આંકલાવ કોર્ટમાં ક્રિ.પ્રો.કોડની કલમ-૨૧૬ મુજબ કલમ ઉમેરો કરવા બાબતે આંક-૪૦ થી અરજી આપતા નામ.નીચેની કોર્ટે.એ.પી.પી.શ્રીની આંક-૪૦ ની અરજી મંજુર કરી ઈ.પી.કો.**કલમ-૩૬૪(એ)**નો ઉમેરો કરી ચાર્જનો વધારો કરવાનો હુકમ તા.૧૯/૦૩/૨૦૨૨ ના રોજ કરવામા આવતા સદરહુ કેસમાં ઈ.પી.કો.કલમ-૩૬૪(એ) મુજબના ગુનાનો કેસ ચલાવવાની હકુમત જયુડી. મેજીસ્ટ્રેટ કોર્ટ, મુકામ-આંકલાવમાં ન હોય અને સદર ગુનો સેશન્સ ટ્રાયેબલ હોય, આ કેસ સેશન્સ કોર્ટ આણંદ તરફ કમીટ કરવામાં આવેલો છે. જે કેસ આણંદ જિલ્લા અદાલતમાં સેશન્સ કેસ નં.૩૯/૨૦૨૨ ના નંબરથી નોધવામાં આવેલ છે અને સદર કેસ ચોથા એડી.સેશન્સ જજ સાહેબની કોર્ટ મુ.આણંદમાં કેસ કાર્યવાહી માટે તબદીલ કરવામાં આવેલ છે. આ કામે આણંદના વિધ્વાન ચોથા એડી. સેશન્સ જજ સાહેબની કોર્ટ સમક્ષ આરોપી હાજર રહેતાં આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો આપેલાની ખાત્રી કરીને, આંક-૯ થી આરોપી વીરુધ્ધ ઈ.પી.કો.કલમ-૪૨૦, ૪૦૬, ૩૪૨, ૩૮૪, ૧૨૦(બી), ૩૬૪(એ) મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવીને આંક-૧૦થી આરોપીનું નિવેદન લેતા, આરોપીએ ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે. જેથી આગળ ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે ઉપર મુજબનો સોગંદ ઉપરની જુબાનીનો મૌખીક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલો છે. ફરિયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરે છે.

(૪) આ સિવાય ફરિયાદપક્ષે અન્ય કોઈ પુરાવો રજૂ કરેલ નથી. ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી તથા આંક-૨૦ની પુરસીસ રજુ કરીને

પુરાવો પુરો થયેલાનું જાહેર કરવામાં આવેલ છે. ફરીયાદ પક્ષે રજૂ થયેલ પુરાવા અંગે આરોપી નો ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ મુજબ વધુ જવાબ નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ પોતાની સામે બનાવટી, ઉપજાવી કાઢેલી ફરીયાદ કરેલ હોવાનો બચાવ લીધેલ છે તથા બચાવના સાહેદ તપાસવા નથી, જાતે જુબાની આપવી નથી તેમ જાહેર કરેલ છે. આ કામે પુરાવો પુરા થયા બાદ બંને પક્ષે દલીલો સાંભળી.

(૫) સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુ દ્દા ઓ**

**૧. શું ફરિયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓ એકબીજાની મદદગારીમાં રહીને ગુનાહીત કાવતરુ રચીને ફરીયાદી, સાહેદોને અમેરીકા કેનેડા જવાનો વિશ્વાસ આપીને તા.૧૨–૦૫–૨૦૧૩ થી તા.૦૩–૦૬–૨૦૧૩ ના સમય દરમીયાન આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને આણંદથી દિલ્હી, હરીયાણા મુકામે લઈ જઈ નહી પકડાયેલ આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને હરીયાણાના પાણીપત વિસ્તારમાં સોસાયટી જેવા વિસ્તારમાં મકાનમાં ગોંધી રાખી હાથપગ બાંધી મારઝુડ કરી બળજબરી પુર્વક ફરીયાદી તથા સાહેદોની પાસેની સોનાની વીંટી તથા ૧૨૦૦ ડોલર તથા છ–છ હજાર લઈ લીધેલા. ત્યારબાદ તેઓના મોબાઈલ નં.૧૬૧૩૦૩૧૩૨૩૩ ઉપરથી ફરીયાદી તથા સાહેદોને પોતપોતાના ઘરે વાત કરાવી કેનેડા પહોંચી ગયેલ છીએ તેવુ કહેવડાવી ત્યારબાદ હાલના આરોપીએ ફરીયાદી તથા સાહેદોને ઘરે જઈ પચ્ચીસ –પચ્ચીસ લાખ મળી કુલે રુ.૫૦,૦૦,૦૦૦/–તથા સાહેદ ધર્મેશ ઉર્ફે લાલી રહે.બોરસદનાઓની પાસેથી રુ.૨૫,૦૦,૦૦૦/–ની રકમ મેળવી ફરીયાદી તથા સાહેદોને કેનેડા કે અમેરીકા નહી મોકલી વિશ્વાસઘાત તથા છેતરપીંડી કરવામાં તથા સાહેદોનું અપહરણ કે અપનયન બાદ અટકાયતમાં રાખી તેઓને ઈજા કરીને તેઓને મૃત્યુ થશે તેવો વ્યાજબી ભય પેદા કરીને, ભારતીય દંડ સંહિતાની કલમ–૪૨૦, ૪૦૬, ૩૪૨, ૩૮૪, ૧૨૦(બી), ૩૬૪(એ)મુજબનો ગુનો કરેલ છે?**

**૨. શું હુકમ ?**

(૬) મારા જવાબ નીચે મુજબ છેઃ

૧. **નકાર માં**

૨. **આખરી હુકમ મુજબ**

**// કા ર ણો //**

**મુદ્દા નં. ૧ :–**

(૭) કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ક્રિમીનલ ટ્રાયલમા ફરીયાદ પક્ષે પોતાનો કેસ ચોકકસ, વિશ્વસનીય અને સ્પષ્ટ પુરાવા રજુ કરી આરોપી વિરુધ્ધ ફરમાવેલ તહોમતનામા મુજબની હકિકતો નિશંકપણે પુરવાર કરવી પડે અને

જો આરોપીના બચાવ મા કોઈ નિર્બળતા હોય તો તેનો લાભ ફરિયાદપક્ષને મળી જતો નથી કે તેનાથી ફરિયાદપક્ષ ના પુરાવાનો બોજો ઓછો થતો નથી અને જ્યાં સુધી આરોપી વિરુધ્ધનો ગુન્હો નિશંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપીને નિર્દોષ માનવાનો રહે છે.

(૮) આરોપી વિરુધ્ધનો ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંક રીતે સાબીત કરેલ છે કે કેમ તે ધ્યાને લઈને ત્યારબાદ ફરિયાદપક્ષે તેમના સમર્થનમાં વિ.એ.પી.પી. આર.એન.સોલંકીની તથા આરોપી તરફે વિ.વકીલ શ્રી આર.કે.શાહની દલીલો સાંભળવામાં આવેલ છે.

◆ **<u>સરકારશ્રી તર્ફે ફરીયાદપક્ષે રજુ થયેલ દલીલો–</u>**

સરકાર તરફે વિ. સરકારી વકીલશ્રી એ દલીલ કરતા જણાવેલ છે કે, આ કામના આરોપીએ વિદેશ લઈ જવાના બહાને ફરીયાદી અને સાહેદોને લલચાવીને તેમની સાથે છેતરપીંડી કરેલ છે. તેઓને હરીયાણા લઈ જઈને ગોંધી રાખીને તેમને માર મારેલ અને મારી નાંખવાનો ભય ઉભો કરીને ફરીયાદી અને સાહેદોના સગા પાસે થી લાખો રૂપિયાની માતબર રકમ પડાવી લીધેલ છે. આરોપીઓએ એકબીજાની મદદગારીમાં ફરીયાધી અને સાહેદોનું અપહરણ અને અપનયન કરીને રકમ વસુલવા જેવો ગંભિર પ્રકારનો ગુનો કરેલ છે. વિદેશ લઈ જવાના બહાના હેઠળ ખોટી રીતે નિર્દોષ લોકોને ફસાવીને બીજા રાજ્યમાં લઈ જઈને ગોંધી રાખીને રકમ પડાવેલ છે. ફરીયાદી અને સાહેદોએ તેમની સાથે થયેલ ગુનાહીત કૃત્ય બાબતે જુબાની આપેલ છે. આરોપીને ઓળખી બતાવેલ છે. જેથી આરોપીને કોઈ જ લાભ ન આપીને તકસીરવાન ઠરાવીને વધુમાં વધુ સજા કરવા રજુઆત કરેલ છે.

◆ **<u>આરોપી તર્ફે બચાવપક્ષે રજુ થયેલ દલીલો</u>**–

(૦૯) આ કામે આરોપી તરફે વિ. વકીલશ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદપક્ષ આરોપી સામે નો કેસ શંકા રહીત પુરવાર કરી શકેલ નથી. માત્ર શંકા ને આધારે જ આરોપીને આ ગુનાના કામે સંડોવી દેવામાં આવેલ છે. એક પણ દસ્તાવેજી પુરાવાથી સમર્થન મળેલ નથી. ફરીયાદ વીસ દિવસ જેટલા વિલંબથી આપવામાં આવેલ છે. તેનો કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. હાલના આરોપી ક્યાંય નાસી ભાગી ગયેલ નથી કે તેવો પ્રયાસ પણ કરેલ નથી. ફરીયાદી કે સાહેદો સાથે જે પણ ગુનાહીથ કૃત્ય થયેલ હશે તે બીજા આરોપીએ કરેલ છે. તે આરોપીને પોલીસ પકડી શકેલ નથી. તપાસ દરમ્યાન પણ ગુનાવાળી જગ્યાએ તપાસ

કરવામાં આવેલ નથી. આજુબાજુના કોઈ જ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. ગુનાવાળી જગ્યાનું પંચનામું પણ કરવામાં આવેલ નથી. જે આરોપીને પોલીસે નાસતો ફરતો બતાવેલ છે તેની પણ કોઈ જ તપાસ કરવા પોલીસ હરીયાણ ગયેલ નથી. જેથી તપાસ પણ યોગ્ય દિશામાં થયેલ નથી. બનાવના વીસ દિવસ બાદ હાલના આરોપીની સામે ફરીયાદ અરજી એસ.પી. કચેરીમાં આપેલ. જેના આધારે આરોપી સામે ફરીયાદ દાખલ કરીને તપાસ કરીને આરોપી સામે કોઈ જ પુરાવો ન મળેલ હોવા છતાં ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. આમ, ફરીયાદપક્ષ આરોપી સામેના તહોમતની વિગતો નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીને નિર્દોષ ઠરાવીને છોડી મુકવા રજૂઆત કરેલ છે.

--- **<u>ફરીયાદપક્ષે મહત્વના સાહેદો એ રજુ કરેલ પુરાવાની વિગત</u>** –

(૧૦) ફરીયાદપક્ષે સાહેદ નં-૧ તરીકે આંક-૧૨ થી ફરીયાદી કેતનકુમાર વિનોદચંન્દ્ર પટેલના ઓએ જુબાનીમા જણાવેલ છે કે, તેઓએ વિદેશ જવા માટે પાસપોર્ટ કઢાવેલ જેનો નં.એચ.1168046 નો છે. કાવીઠા ગામના લાલજીભાઈ ઉર્ફે સુરેશભાઈ જશભાઈ પટેલ જે કેળાનો ધંધો કરતા હતા અને કેળા લેવા માટે અવારનવાર આવતા હતા તેથી તેઓના પપ્પા તથા તેઓના ગામના રાજેશકુમાર સાથે સંપર્ક થયેલો અને આ લાલજીભાઈ એ જણાવેલું કે હું કેનેડા કે બીજા દેશમાં જવું હોય તો લોકોને મોકલું છુ. માણસ વિદેશ પહોંચી જાય પછી ફોન આવે ત્યારે તમારે 25 લાખ આપવાના. જેથી અમોએ તથા રાજેશભાઈનાઓએ આ લાલજીભાઈને બહાર જવા માટેનું જણાવતા તેઓ પોતાનો તથા તેમના ગામના કમલેશભાઈનો પાસપોર્ટ લાલજીભાઈને આપેલો. કમલેશભાઈ પુંજાભાઈ એ રાજેશભાઈ પુંજાભાઈના ભાઈ થાય છે. તા.૧૨/૦૫/૨૦૧૩ ના રોજ વહેલી સવારે આશરે સાડા પાંચ-છ ના સુમારે આ લાલજીભાઈ અમારા ઘરે આવેલા અને તેમણે કહેલ કે ચાલો તમારે કેનેડા જવાનું છે. અને આ લાલજીભાઈ ટવેરા ગાડી લઈ ડ્રાઈવર સાથે આવેલા અને ત્યાંથી ભેટાસીથી તેમને ગાડીમાં બેસાડી આંકલાવ લાવેલા અને આંકલાવથી એક કૃપલ પટેલ નામના માણસને અમારી સાથે ગાડીમાં બેસાડેલા અને ત્યાંથી અમને બોરસદ લઈ ગયેલા અને બોરસદથી ચાર બીજા છોકરાઓને બેસાડેલા. જેમાં જૈમિન પટેલ, જીગ્નેશ પટેલ, ધ્રુવીન પટેલ તથા મૃગેશ પંડયાને ગાડીમાં બેસાડેલા. ત્યાંથી અમને બધાને અમદાવાદ નરોડા પાટિયા લઈ ગયેલા. ત્યાંથી અમને એક લકઝરી બસમાં બેસાડેલા. ત્યાંથી આ લકઝરી બસની ટીકીટ લાલજીભાઈએ અમને આપેલી. બપોરે એક-દોઢ વાગ્યા આસપાસ આ બસ ઉપડેલી અને ત્યાંથી અમને ઉદયપુરથી દિલ્હી લઈ ગયેલા. તા.૧૩/૦૫ ના રોજ

એટલે કે બીજા દિવસે આ બસ દિલ્હી પહોંચેલી. અમોને લાલજીભાઈએ ગાડીમાં બેઠા પછી અમને કાગળો આપેલા જેમાં દિલ્હી જે હોટલમાં રહેવાનું હતું તેનું સરનામુ હતું. અમે તથા મારી સાથેના જેટલા લાલજીભાઈની ટવેરામાં આવેલા હતા તે બધા આ હોટલમાં તા.૧૩ થી ૧૫ સુધી રોકાયેલા.આ દરમ્યાન લાલજીભાઈ પટેલના ઓળખીતા વિજયભાઈ ઉર્ફે સમીરભાઈ આવતા હતા અને તેઓ કહેતા હતા કે ૧૫ મીએ સાંજે તમારે તેમને તથા સુવીનને કેનેડા જવાનું છે તેમ જણાવેલું. તા.૧૫ ના રોજ આ વિજયભાઈ ઉર્ફે સમીરભાઈએ રિક્ષામાં બેસાડી દિલ્હી મેટ્રો સ્ટેશન લઈ ગયેલા અને એક ટેકસી જેવી ગાડીમાં અમને બંનેને બેસાડેલા.આ ગાડીમાં એક ડ્રાઈવર તથા બીજી એક વ્યકિત હતી અને આ ગાડીમાં અમને હરિયાણા પાનીપટ વિસ્તારમાં લઈ ગયેલા.આ બંને માણસો અમને બંનેને એક બિલ્ડીંગમાં લઈ ગયેલા અને અમો બંનેના હાથ પગ બાંધી દીધેલા અને ત્યાં બીજા બે માણસો આવીને અમને મારવા લાગેલા અને મારી પાસેથી.બારસો ડોલર તથા છ હજાર રુપીયા જે આ માણસોએ અમારી પાસેથી લઈ લીધેલા. અમને બંનેને એકજ રૂમમાં પુરી દીધેલ હતા. તા.૧૭/૦૫/૨૦૧૩ નારોજ સાંજના સાતેક વાગ્યાના સુમારે મારા ઘરે ફોન કરવાનું કહેલું. જેથી પોતે પોતાના કાકા ચિરાગભાઈ ચતુરભાઈ પટેલ કે જેઓ વાસદ એમ.જી.પાર્કમાં રહે છે જેમના મોબાઈલ નંબર 9408174241 ઉપર મે વાત કરેલી. ત્યાંથી જે મે નંબર પર વાત કરેલી તે +16130 જેવો નંબર હતો આગળના આંકડા મને યાદ નથી અને મને આ લોકોએ એવું જણાવેલ કે તારા ઘરે એવું કહે કે હું કેનેડા પહોંચી ગયેલ છું અને આ લાલજીભાઈ જશભાઈ પટેલને ફોન કરીને કહો કે આ પચ્ચીસ લાખ રૂપીયા લઈ જાય. જેથી સદર સાહેદે ફોન ઉપર તેમના કાકાને આ વાત કરેલી. અમને આ લોકો રૂમમાં પુરી રાખી સવાર સાંજ મારતા હતા અને આ કામના આરોપીના જે માણસો ત્યા હતા તેઓએ તેઓના ફોન નંબર પરથી ફોન કરી તેમના કાકાના મોબાઈલ નંબર ઉપર વાત કરાવી અને લાલજીભાઈને પચ્ચીસ લાખ રૂપીયા આપી દીધા છે કે કેમ સદર ફરીયાદીએ તેવું પુછેલુ તો તેમના કાકાએ હા પાડેલી જેથી તા.૦૩/૦૬/૧૩ ના રોજ તેઓએ સદર ફરીયાદીને તથા ધ્રૂવીનને પૈસા આપી તેઓની ગાડીમા બેસાડી, અમોને હરીયાણાથી દીલ્હી આવવાના હાઈવે ઉપર એસ.ટી.બસમાં બેસાડેલ જે બસમા બેસી અમે દીલ્હી એસ.ટી.ડેપોમા આવેલા ત્યાથી અમે રીક્ષામા બેસીને પહાડગંજ રેલ્વે સ્ટેશને ગયેલા ત્યાથી અમોએ દીલ્હીથી વડોદરાની ટીકીટ લીધેલી તયારબાદ દીલ્હીના પ્લેટફોર્મ ઉપર અમારા ગામના કમલેશભાઈ પુંજાભાઈ પટેલ દીલ્હી મુકામે પ્લેટફોર્મ નં.૮ ઉપર મળેલા અને તેઓએ તેમની સાથે બનેલી તમામ વિગત સદર

ફરીયાદીને જણાવેલી. સદર ફરીયાદીએ પણ પોતાની સાથે બનેલ વિગત જણાવેલી. બીજા જે અમારી સાથે આવેલા હતા તે લોકો પણ સદર ફરીયાદીને દીલ્હી પ્લેટફોર્મ પર મળેલા આમ અને બધા એકજ ડબ્બામા બેસીને બરોડા આવેલા તા.૦૪/૦૬/૧૩ ના રોજ બપોરના ૧૨–૦૦ થી ૧–૦૦ ના ગાળામા ઉતરેલા. ત્યાથી હીરેનભાઈ ધોબીને ધર્મેશભાઈની ગાડી ભાડે કરી ઘરે આવેલા અને ત્યારબાદ અમારા ધરે આવેલા સાંજના છ એક વાગ્યાનો સમય થયેલો. ઘરે આવ્યા બાદ પોતે પોતાની સાથે બનેલી ઘટનાની વાત ધરે કરેલી. ત્યારબાદ અમારા ધરના માણસોએ લાલજીભાઈ સાથે વાત કરતા તે જ દીવસે ઘરે આવેલા અને ઘરે કહેલ કે એક બે દીવસ આપો હુ તમારા પૈસા પરત આપી દઈશ. ત્યારબાદ આ લાલજીભાઈ અમારા ઘરે થી ગયા ત્યારથી લઈ ફરીયાદ દાખલ કરી ત્યા સુધી અમારા ધરે આવેલા નથી જેઓના ફોનથી કોન્ટેકટ કરતા તેમનો કોન્ટેકટ થયેલ નહી. તેઓનો મો.ન.૯૯૨૪૪૩૩૬૫૮ પર કોન્ટેકટ કરતા તેઓ મળેલ નહી. તેમનો બીજો નંબર હતો તેની ઉપર કોન્ટેકટ કરતા તેમનો કોન્ટેકટ થતો નથી. જે બીજો નંબર હાલ ઘણો સમય થઇ ગયેલ હોય હાલ તેમને યાદ નથી જેથી સદર ફરીયાદીને લાલજીભાઈ ઉર્ફે સુરેશભાઈ પટેલ અમોને કેનેડા લઈ જવા બાબતે અમારી સાથે વિશ્વાસઘાત કરી છેતરપીડી કરેલ.

આ લાલજીભાઈ ના જમાઈ અનીશ ઉર્ફે બુધાભાઈ રહે. કાવીઠાનાઓએ પોતાનો તથા ધર્મેશભાઈનો પાસપોર્ટ ધરે આવી તા.૧૯/૬/૧૩ ના રોજ અમોને પરત આપી ગયેલા.આ લાલજીભાઈએ સદર ફરીયાદીને તથા તેમના ગામના કમલેશભાઈને કેનેડા લઈ જવાનો ભરોસો આપી સદર ફરીયાદીને તથા કમલેશભાઈને દીલ્હી તથા હરીયાણા બાજુ લઈ જઈ બળજબરી કરી બાંધી રાખી મારઝુડ કરી તેઓની પાસેથી રૂપીયા છ હજાર તથા બારસો ડોલર ની રકમ બળજબરીથી લઈ જઈ તેમના ધરેથી પચ્ચીસ લાખ જેવી રકમ લઈ જઈ અમોને પાછા ઘરે મોકલી દઈ કેનેડા નહી લઈ જઈ તેમની સાથે વિશ્વાસધાત તથા છેતરપીડી કર્યાની તેમણે ફરીયાદ આપેલ જે નોંધવામા આવેલી અસલ એફ.આઈ.આર. ઓળખી બતાવી આંક–૩૬ થી રજુ કરેલ છે. જેણે તેઓની સાથે વિશવાસઘાત તથા છેતરપીડી કરેલી તેઓને  ઓળખે છે તેમનુ નામ ધનજીભાઈ ઉર્ફે સુરેશભાઈ જશભાઈ પટેલ છે જે આજરોજ કોર્ટમા હાજર છે.તેમને આજદીન સુધી રૂપીયા સાત હજાર તથા બારસો ડોલર તથા અમારા ધરેથી લીધેલા પચ્ચીસ લાખ નાણાં મળેલા નથી.

સદર ફરીયાદીની બચાવપક્ષે **ઉલટતપાસ** કરેલ છે જેમા તેઓ એ હકીકતનો

ઈન્કાર કરે છે કે,આરોપી તેમને કયાય લઈ ગયેલ નથી. એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે આરોપી તેમની સાથે જાતે કયાય આવેલ નથી. બનાવ સને ૨૦૧૩ મા બનેલો. સદર ફરીયાદી આરોપીને બનાવ બન્યો તેના બે થી ત્રણ મહીના પહેલાથી ઓળખતો હતો. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તે પહેલા તેમના પિતા લાલજીભાઈને ઓળખતા હતા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે,પોતે તથા લાલજીભાઈ અલગ અલગ ગામના છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, કમલેશભાઈ તેમના ગામના છે. લાલજીભાઈ સાથે તેમને વિદેશ જવાનું તેમના પિતા તથા તેમના કાકા ધ્વારા નકકી થયેલ. એ હકીકતનો ઈન્કાર કરે છે કે ,લાલજીભાઈ અને તેમના પિતા તથા કાકા વચ્ચે શુ વાતચીત થયેલી તેની તેમને ખબર નથી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તેઓ વિદેશ જવા માટે કાવીઠાના છ વ્યકિત અને પોતે તથા કમલેશભાઈ એમ કુલ છ વ્યકિત દીલ્હી સાથે ગયેલા. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, લાલજીભાઈ તેમને રેલ્વે સ્ટેશન સુધી છોડી ગયેલા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, લાલજીભાઈ તેમની સાથે દીલ્હી આવેલા. એ હકીકતનો ઈન્કાર કરે છે કે,લાલજીભાઈ તેમની સાથે તેમની હોટલમા રોકાયેલા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે,લાલજીભાઈ અમારી સાથે કોઈ પણ જગ્યાએ કોઈપણ હોટલમાં ક્યારેય રોકાયેલા નથી. અમે છ એ છ જણા દીલ્હી સાથે ગયેલા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓ છ એ છ વ્યક્તિને એક જ સાથે રાખેલા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે,તેમની સાથે એક બુધો કરીને વ્યક્તિ હતો તથા જીગ્નેશ પટેલ, ધ્રૂવીન પટેલ તથા મૃગેશ પંડયા નાઓ હતા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે,જે બુધો હતો. તે લાલજીભાઈનો જમાઈ થાય. એ વાત ખરી છે કે, આ સિવાય કુપલ અમારી સાથે હતો. એ વાતની તેમને ખબર નથી કે કૃપલ લાલજીભાઈની સાળીનો દીકરો થાય છે કે કેમ? એ વાતની તેમને ખબર નથી કે કમલેશભાઈ નો આંકલાવનો રહેવાશી ધનો મિત્ર છે કે કેમ?કમલેશભાઈ અને ધનાભાઈ વચ્ચે વિદેશ લઈ જવા માટે કોઈ વાતચીત થયેલ કે કેમ તેની તેમને ખબર નથી. એ વાતની તેમને ખબર નથી કે, સદર ધનાભાઈ લાલજીભાઈના પણ મિત્ર થાય છે કે કેમ? આ કામના આરોપી ફોરેન મોકલે છે તેવુ તેમને તેમના કાકાએ કહેલ. એ હકીકતનો સ્વીકાર કરે છે કે,લાલજીભાઈ સાથે ફોરેન જવાનુ નકકી થયેલુ તેમા તેમના કાકા સાથે હતા. પોતે આંકલાવ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવા માટે જાતે ગયેલો.એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પોતે ફરીયાદ આપવા ગયો ત્યારે તેમણે જે રીતે કીધેલુ તે જ રીતે પોલીસે તેમની ફરીયાદ નોધી લીધેલી.તેમના કાકાનું નામ ચિરાગભાઈ ચતુરભાઈ પટેલ છે. એ વાત હાલ તેમને યાદ નથી કે પોતે

પોતાની પોલીસ રુબરુની ફરીયાદમાં લાલજીભાઈ સાથે વિદેશ મોકલવાની વાતચીતમાં તેમના કાકા ચિરાગભાઈ ચતુરભાઈ વચ્ચે હતા તેવી હકીકત લખાવેલ કે કેમ? એ હકીકતનો સ્વીકાર કરે છે કે, કાવીઠાનો ધૃવીન અમારી સાથે હતો. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પોતે તથા ધ્રુવીન દીલ્હી હોટલમા એક જ રુમમા સાથે હતા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે,ધૃવીને લાલજીભાઈ વિરુધ્ધ કોઈ ફરીયાદ નોધાવેલી નથી. લાલજીભાઈએ અમારી પાસેથી પૈસા લીધેલ હોય તેવી કોઈ રસીદ કે લખાણ કે તેમના કાકા સિવાય કોઈ સાહેદ અમારી પાસે નથી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે અમે હોટલ રુમમા છ, સાત જણા સાથે રોકાયેલા. હોટલનુ નામ તેમને હાલ યાદ નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે,દીલ્હી હોટલમા અમે ખાવા પીવાનુ તથા નાસ્તો રેગ્યુલર મળતો હતો.અમે દીલ્હી હોટલમા ૧૩ મી થી ૧૫ મી સુધી રોકાયેલા. અમે કુલ ૨ દીવસ રોકાયેલા. એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેમને તથા ધૃવીનને હોટલમાથી કાઢી મુકેલા. સાહેદ સ્વેછાએ જણાવે છે કે અમને કેનેડા જવાનુ હોય તેવુ કહીને ત્યાથી લઈ ગયેલા. દીલ્હી હોટલ ઉપરથી અમને મેટ્રો સ્ટેશને લઈ ગયેલા અને ત્યાથી ગાડીમાં બેસાડી પાણીપત હરીયાણા લઈ ગયેલા. અમે પાણીપત હરીયાણા ૧૭ દીવસ રોકાયેલા. સદર ફરીયાદી પોતાના ઘરેથી કેનેડા જવા નીકળેલ ત્યારથી પાછો ઘરે આવ્યો તે વચ્ચે આશરે ૨૨ થી ૨૩ દીવસનો સમય થયેલો. એ વાત તેમને હાલ યાદ નથી કે પોતે પાછો કઈ તારીખે ઘરે પહોચેલો. એ વાત તેમને હાલ યાદ નથી કે પોતે તા.૩/૬/૧૩ ના રોજ ઘરે પહોંચેલો કે કેમ? એ વાતની તેમને ખબર નથી કે, લાલજીભાઈ ના પરીવાર ના સભ્યો અમેરીકા રહે છે કે કેમ? એ હકીકતનો સ્વીકાર કરે છે કે વિજય નામના એજન્ટને દીલ્હીમા મળેલો જેથી પોતેળખે છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમની ફરીયાદમાં જણાવ્યા પ્રમાણે તા.૧૨/૫/૧૩ થી તા.૩/૬/૧૩ દરમ્યાન તેમની સાથે બનાવ બનેલો.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફરીયાદ પોતે તા.૨૩/૬/૧૩ ના રોજ આપેલી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે આંકલાવ પોલીસ સ્ટેશનમાં હાલની ફરીયાદ આપ્યા સિવાય તેમણે કોઈ પણ પોલીસ સ્ટેશનમા કોઈ પણ પ્રકારની કરીયાદ આપેલ નથી.તેમને હરીયાણામાં માર મારેલાનુ પોતે જણાવેલ છે તે અંગે પોતે કોઈ મેડીકલ સારવાર લીધેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે,તેમને હરીયાણાથી કાઢી મુક્યા બાદ અમે અમારી રીતે ઘરે પરત આવેલા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે,પોતે ભણેલા છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે,આપણી સાથે કોઈપણ બનાવ બને તે અંગે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપવા જવુ પડે તેવી તેમને માહીતી છે.અમે હરીયાણાથી ઘરે બસ તથા રૂવે દવારા

આવેલા, સદર ફરીયાદીએ હરીયાણા કે દીલ્હીમાં કોઈ પોલીસ સ્ટેશનમા કોઈ ફરીયાદ આપેલ નહી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે,અમે રેલ્વેમા આવેલા તો રેલ્વે પોલીસમા પણ કોઈ ફરીયાદ આપેલ નહી.ફરીયાદીએ રેલ્વેમા પાછા આવ્યા ત્યારે વડોદરા સ્ટેશને ઉતરેલા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે,અમે વડોદરા કે આણંદ કોઈ રેલ્વે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ નથી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે,તેમણે જે પોલીસમા ફરીયાદ લખાવેલ તે ફરીયાદ કાયદાના જાણકાર માણસો પાસેથી સલાહ લઈને લખાવેલી.અમે લાલજીભાઈ પાસેથી પૈસા પાછા લેવા માટે કોઈ નોટીસ આપેલ નહી. લાલજીભાઈ પાસેથી તેમના કાકા,તેમના પિતા કે સમાજના કોઈ માણસો મારફતે સમાધાન કરી પૈસા પરત લેવા માટે કોઈ પ્રયત્ન કરેલ નહી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, જયમીન, જીગ્નેશ, ધૃવીન તથા બુધો નાઓએ તેમના પૈસા તેમના પિતાને આપેલા. એ હકીકતનો ઈન્કાર કરે છે કે,સદર ચાર લોકોએ મારા પિતા પાસેથી પૈસાની ઉઘરાણી ચાલુ કરેલી જેથી ૨૩ દીવસ બાદ તેમણે ફરીયાદ કરેલી.કાવીઠા અને તેમના ગામ વચ્ચે આશરે વીસથી બાવીસ કીલોમીટરનુ અંતર છે.એ હકીકતનો ઈન્કાર કરે છે કે, કાવીઠા ગામે અમારા સગાઓ રહે છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે,બુધો અને કૃપલ અમારા સગા થાય છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે લાલજીભાઈ અને અમે એકજ જ્ઞાતીના છે.એ હકીકતનો ઈન્કાર કરે છે કે,બાકીના ચાર લોકોના પૈસા પાછા આપવા ના પડે જેથી પોતે ખોટી ફરીયાદ કરેલી.એ હકીકતનો ઈન્કાર કરે છે કે,હાલની ફરીયાદ દાખલ કર્યા બાદ લાલજીભાઈના મોટા ભાઈ જે અમેરીકા રહે છે તેમની પાસેથી પૈસા માગવા માટે અમે દબાણ કરતા હતા.એ હકીકતનો ઈન્કાર કરે છે કે,તેમના પિતા ફાયનાન્સનો ધંધો કરતા હતા. એ હકીકતનો ઈનકાર કરે છે કે,પોતે પોતાની ફરીયાદમા ખોટી હકીકતો જણાવેલી છે. એ હકીકતનો ઈનકાર કરે છે કે,પોતે હાલની ફરીયાદ લાલજીભાઈને દબાણમા લાવી તેમની જમીન વેચાવી દઈ તેઓ પાસેથી પૈસા પડાવવા માટે કરેલી છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, લાલજીભાઈ અમારી સાથે દીલ્હી સુધીજ હોટલમાં હતા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, લાલજીભાઈ દીલ્હી બે જ દીવસ રહેલા. સાહેદ સ્વેછાએ જણાવે છે કે અમે અલગ હોટલમા રોકાયેલા અને લાલજીભાઈ અલગ હોટલમા રોકાયેલા.લાલજીભાઈ દીલ્હીમા રોકાયેલા તે દરમ્યાન અમે લાલજીભાઈ સાથે મોબાઈલ કે અન્ય રીતે સંપર્ક કરેલ નહી. પોતે ઘરે આવી ગયા બાદ પોતે લાલજીભાઈ સાથે સંપર્ક કરવા પ્રયત્ન કરેલો.એ હકીકતનો સ્વીકાર કરે છે કે,સદર ફરીયાદીએ તેઓનો સંપર્ક કરી બનાવમા જે હકીકત બનેલી તે તેમને જણાવેલી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે,

લાલજીભાઈ નો સંપર્ક કર્યા બાદ પોતે ૨૨ દીવસ પછી પોલીસ સ્ટેશને ગયેલો.

(૧૧) ફરીયાદપક્ષે સાહેદ નં–૨ તરીકે આંક–૧૩ થી સાહેદ કમલેશકુમાર પુંજાભાઇ પટેલનાઓએ જુબાનીમા જણાવેલ છે કે,પોતે ઉપરોક્ત સરનામે રહે છે અને પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર ભેટાસી ખાતે કોન્ટ્રાકટ ઉપર નોકરી કરે છે.પોતે બી.કોમ સુધી ભણેલા છે.પોતે વિદેશ જવા માટે પાસપોર્ટ તા.૫/૯/૧૧ ના રોજ કઢાવેલો જેનો નંબર જે. ૯૮૭૧૦૩૯ જેની વેલીડીટી તા.૦૪/૯/૨૧ સુધીની હતી. તેમના ગામમા લાલજીભાઈ ઉર્ફે સુરેશભાઈ જશભાઈ પટેલ કેળા લેવા માટે અવાર નવાર આવતા હતા. તેથી તેમના મોટાભાઈ રાજેશભાઈ તથા અમારા ગામના વિનોદચંન્દ્ પટેલ સાથે સંપર્ક થયેલો. જેથી આ લાલજીભાઈએ તેમના મોટા ભાઈ તથા વિનોદચંન્દ્રને જણાવેલ કે પોતે રેગ્યુલર વર્ક પરમીટ કરાવી કેનેડા કે બીજા દેશોમાં જવુ હોય તો પોતે લઈ જાય છે. જે માણસને વિદેશ મોકલવામા આવે તે ત્યા પહોંચી ગયા પછી ફોન કરે પછી રૂપીયા પચ્ચીસ લાખ આપવા પડે તેવુ તેમના મોટાભાઈ તથા વિનોદચંન્દ્રને લાલજીભાઈ એ જણાવેલ. જેથી આ લાલજીભાઈ ઉપર અમને વિશ્વાસ બેસતા પોતે તથા તેમના ગામના કેતનકુમાર અમારો પાસપોર્ટ આ લાલજીભાઈને આપેલો. તા.૧૭/૫/૧૩ ના રોજ અમારા ધરે સાંજના સાતેક વાગ્યાના સુમારે આ લાલજીભાઈ આવેલા અને અમને જણાવેલ કે, તમારે દીલ્હીથી કેનેડા જવાનુ છે જેથી તેમણે બે દીવસ અગાઉ કરેલ એટલે પોતે પોતાની તૈયારી રાખેલ હતી. પોતાની તૈયારી સાથે આ લાલજીભાઈ સાથે તેઓ એસ્ટીમ જેવી ગાડી લઈને આવેલા તેમા પોતે બેસેલા. પોતે જ્યારે ગાડીમાં બેસેલ ત્યારે ગાડીમા અગાઉથી ધર્મજ ગામના પ્રિયેશભાઈ તથા બોરસદ ગામના ધર્મેશભાઈ સોની બેઠેલા હતા. જે ગાડી લાલજીભાઈ જાતે ચલાવતા હતા.જે ગાડી આશરે સાડા સાતની આજુબાજુ બરોડા રેલ્વે સ્ટેશને પહોચેલા ત્યાથી આ લાલજીભાઈએ બરોડા થી દીલ્હીની ટીકીટ અમને રાજધાની ટેનની આપેલી ત્યારબાદ અમો ત્રણેય જણા વડોદરા થી રાત્રે બાર વાગ્યાના સુમારે રાજધાની ટ્રેનમા બેસેલા એટલેકે તા.૧૮/૫/૧૩ ના રોજ બપોરના આશરે બાર કલાકે દીલ્હી ઉતરેલા અને આ વખતે અમારી સાથે આવેલા ધર્મેશભાઈ સોનીના મોબાઈલ ઉપર આ લાલજીભાઈના એજન્ટ વિજયભાઈ ઉર્ફે સમીરભાઈનો મેસેજ આવેલ જેમા જણાવેલ કે,તમે પહાડગંજ આવેલ ઓરીએન્ટ કોન્ટીનેન્ટલ હોટલમાં આવી જાવ હું તમને ત્યા મળીશ.જેથી તેઓ રીક્ષામા આશરે બપોરના દોઢેક વાગ્યાના સમારે પહોચેલા.ત્યા અમને આ વિજયભાઈ ઉર્ફે સમીરભાઈ મળેલા અમને હોટલમા રુમ અપાવતા અમે ત્રણેય જણા ભેગા એક રૂમમા ગયેલા. ત્યારબાદ વિજયભાઈ જતા

રહેલા અને બીજા દીવસે તા.૧૯/૫/૧૩ ના રોજ સાંજના ચાર વાગ્યાના સુમારે આવેલા અને અમને જણાવેલ કે “તમારે અને ધર્મેશકુમારે સાજના આશરે છ–સાત વાગે કેનેડા જવા નીકળવાનુ છે જેથી તૈયાર રહેજો " તેવુ જણાવી તેઓ ત્યાથી જતા રહેલા.ત્યારબાદ વિજયભાઈ કહીને સાજના છ સાત વાગે આવેલા અને અમારો સામાન ચેક કરેલો અને ત્યારબાદ અમને જણાવેલ કે નીચે રીક્ષા ઉભી છે તેમાં બેસી જાઓ.ત્યારબાદ અમે નીચે જે રીક્ષા બોલાવેલી તેમા અમારો સામાન લઈ ને બેસી ગયેલા અને આ રીક્ષાવાળાને વિજયભાઈ એ કહેલ કે આ બંને જણાને મેટ્રો સ્ટેશને લઈ જાઓ.આવી કહી વિજયભાઈ નીકળી ગયેલા અને અમો આ રીક્ષામા બેસી મેટ્રો સ્ટેશને સાંજના આશરે સાત આઠ વાગે પહોંચેલા. તે વખતે અમો મેટ્રો સ્ટેશન પહોંચ્યા ત્યારે વિજયભાઈ તેમની સાથે દીલીપભાઈ પટેલ નામની વ્યકિત કે જે ખાંધલીના હતા તેઓને લઈને આવેલા અમે ત્રણેય જણા વિજયભાઈના કહેવાથી એક એસ્ટીમ જેવી ગાડી આવેલી તેમા બેસી ગયેલા અને કહેલ કે આ ગાડીવાળો કંપનીનો કેરીયર છે જે તમને તમારા પાસપોર્ટ તથા ડોકયુમેન્ટ અમારી ઓફીસ આપશે અને વિજયભાઈ જતા રહેલા અને અમો ત્રણેય જણા આ ગાડીમા બેસેલા આ ગાડીના ડ્રાયવર અમને હરીયાણા–પાણીપત વિસ્તારમા તે રાત્રે સાડા દશ વાગ્યાના સુમારે અમોને ત્યા સોસાયટી જેવા વિસ્તારમાં ત્રણ માળના મકાનમા લઈ ગયેલા ત્યા અમને સોફા ઉપર બેસાડેલા અને અમને પાણી આપેલ ત્યારબાદ એક રુમમા પથારીઓ પાથરેલી હતી જયા અમને ત્રણેય જણાને આ ગાડીનો ડાયવર લઈ ગયેલો ત્યા આગળ બીજા પાંચથી છ જણા આવેલા અને ત્યા અમારા ત્રણેયના હાથપગ બાંધી દીધેલા અને મારઝુડ કરવા લાગેલા મારો સામાન તથા મારુ પાકીટમા બારસો ડોલર,છ હજાર રુપીયા તેમજ સોનાની વીંટી આ લોકોએ સદર સાહેદ પાસેથી બળજબરીથી લઈ લીધેલી.પછી અમને ત્રણેય જણાને બીજી એક રુમમા લઈ ગયેલા ત્યારબાદ રોજ સવાર સાંજ આવી ને મારઝૂડ કરતા હતા.

ત્યારબાદ તા.૨૧/૦૫/૧૩ ના રોજ સાજના ચાર પાંચ વાગે આવી અમને મારીને જતા રહેલા.ત્યારબાદ સાંજના સાત વાગે આવી તેમના મોટાભાઈના મો.નં.૯૮૨૪૬૩૬૭૬૦ ઉપર તેમના મોબાઈલ ઉપર વાત કરવાનુ જણાવી અને તેમને કહેવડાવેલ કે 'હુ કેનેડા પહોંચી ગયો છુ લાલજીભાઈ આવે તો તેમને રૂપીયા પચ્ચીસ લાખ આપી દેજો." ત્યારબાદ ફરી આવી રીતે સવાર સાંજ મારઝુડ ચાલુ રાખેલ અને ફરી તા.૨૪/૫/૧૩ ના રોજ સાંજના છ થી સાત વાગ્યાના અરસામા આવેલા અને ફરી તેમના મોટાભાઈના મોબાઈલ ઉપર પુછેલ કે લાલજીભાઈને પચ્ચીસ લાખ રૂપીયા આપી દીધા છે કે કેમ? જેથી પોતે ફોન કરી ને પુછતા તેમના

મોટાભાઈને જણાવેલ કે, લાલજીભાઈ આપણા ઘરે આવી રૂપીયા પચ્ચીસ લાખ લઈ ગયેલ છે.ત્યારબાદ તા.૩/૬/૧૩ ના રોજ સદર બીલ્ડીગમાંથી બપોરના દોઢ બે વાગ્યાના અરસામા નીચે ઉતારેલ અને ત્યારબાદ અમને ગાડીમા બેસાડી દીધેલા અને ગાડીમા તેમને તથા ધર્મેશભાઈ સોનીને તથા દીલીપભાઈ ખાધલીવાળા અને હનીશ ઉર્ફે બુધો એમ કુલ ચાર જણાને બેસાડી દીધેલા અને ત્યાથી અમને ચારેય જણાને હરીયાણા-દીલ્હી હાઈવે ઉપર લાવેલા અને તેમને ચારેય જણાને ભાડુ રૂા. ૫૩૦૦/- અમને આપેલા અને ત્યારબાદ અમે એસ.ટી માં બેસી હરીયાણાથી દીલ્હી આવેલા અને દીલ્હી એસ.ટી સ્ટેશનેથી પહાડગંજ રેલ્વે સ્ટેશને ગયેલા અને આ લોકોએ અમને ટીકીટના પૈસા આપેલ હોય દીલ્હીથી વડોદરાની ટીકીટ લીધેલી અને આ કેનેડા ખતે પોતે પ્લેટફોર્મ નં.૮ ઉપર બેઠેલ તે વખતે અમારા ગામનો કેતન તેમને રેલ્વે સ્ટેશને મળેલા.તેઓએ તેમની સાથે બનેલ વિગત જણાવેલી અને મે મારી સાથે બનેલ વિગત જણાવેલી. બીજા જે અમારી સાથે આવેલા હતા તે લોકો પણ મને દીલ્હી પ્લેટફોર્મ પર મળેલા આમ અને બધા એકજ ડબ્બામા બેસીને બરોડા આવેલા તા. ૦૪/૬/૧૩ ના રોજ બપોરના ૧૨-૦૦ થી ૧-૦૦ ના ગાળામા લઈ અંતરેલા.ત્યાથી હીરેનભાઈ ધોબીને ધર્મેશભાઈની ગાડી ભાડે કરી ઘરે આવેલા અને ત્યારબાદ અમારા જના કરે આવેલા સાંજના છ એક વાગ્યાનો સમય થયેલો. ઘરે આવ્યા બાદ મે મારી સાથે બનેલી ઘટનાની ભાઈ વાત ધરે કરેલી. ત્યારબાદ અમારા ધરના માણસોએ લાલજીભાઈ સાથે વાત કરતા તે જ દીવસે ઘરે આવેલા અને ધરે કહેલ કે એક બે દીવસ આપો હુ તમારા પૈસા પરત આપી દઈશ.ત્યારબાદ આ લાલજીભાઈ અમારા ઘરેથી ગયા ત્યારથી લઈ ફરીયાદ દાખલ કરી ત્યા સુધી અમારા ઘરે આવેલા ફીસ નથી જેઓના ફોનથી કોન્ટેકટ કરતા તેમનો કોન્ટેકટ થયેલ નહી.તેઓનો મો.નં.૯૯૨૪૪૩૩૬૫૮ પર કોન્ટેકટ કરતા તેઓ મળેલ નહી.તેમનો બીજો નંબર હતો તેની ઉપર કોન્ટેકટ કરતા તેમનો કોન્ટેકટ કેવા થતો નથી જે બીજો નંબર હાલ ઘણો સમય થઈ ગયેલ હોઈ હાલ મને યાદ નથી. જેથી અમોને આ લાલજીભાઈ ઉર્ફે સુરેશભાઈ પટેલ અમોને કેનેડાલઈ જવા બાબતે અમારી સાથે વિશ્વાસઘાત કરી છેતરપીડી કરેલ. આ લાલજીભાઈના જમાઈ અનીશ ઉર્ફે બુધાભાઈ રહે.કાવીઠાના ઓએ મારો તથા ધર્મેશભાઈનો પાસપોર્ટ ઘરે આવી તા.૧૯/૬/૧૩ ના રોજ પરત આપી ગયેલા.આ લાલજીભાઈએ તેમને તથા અમારા ગામના કેતનભાઈ ને કેનેડા લઈ જવાનો ભરોસો આપી તેમને તથા કમલેશભાઈને દીલ્હી તથા હરીયાણા બાજુ લઈ જઈ આ લાલજીભાઈના માણસોએ બળજબરી કરી બાંધી રાખી મારઝુડ કરી

મારી પાસેથી રૂપીયા છ હજાર તથા બારસો ડોલર તથા મારી સોનાની વીટી બળજબરીથી લઈ જઈ અમારા ઘરેથી પચ્ચીસ લાખ જેવી રકમ લઈ જઈ અમોને પાછા ઘરે મોકલી દઈ કેનેડા નહી લઈ જઈ અમારી સાથે વિશ્વાસઘાત તથા છેતરપીડી કર્યા ની કેતનભાઈ એ ફરીયાદ આપેલ.જે ફરીયાદ ના અનુસંધાને પોલીસે સદર સાહેદનુ નિવેદન લીધેલ.જેણે સદર સાહેદ સાથે વિશ્વાસધાત તથા છેતરપીડી કરેલી તેઓને પોતેળખે છે તેમનુ નામ ધનજીભાઈ ઉર્ફે સુરેશભાઈ જશભાઈ પટેલ છે જે આજરોજ કોર્ટમા હાજર છે.તેમને આજદીન સુધી રૂપીયા છ હજાર તથા બારસો ડોલર તથા તેમની સોનાની વીટી અમારા ઘરેથી લીધેલા પચ્ચીસ લાખ નાંણા મળેલા નથી.

સદર સાહેદની **ઉલટતપાસ** આરોપીપક્ષ ધ્વારા લેવામા આવેલ છે તેમા તેઓ હકીકતનો સ્વીકાર કરે છે કે તેઓ સદર બનાવ બનતા પહેલા આ કામના આરોપી લાલજીભાઈને કયારેય મળેલો નહી. સાહેદ સ્વેછાએ જણાવે છે કે, લાલજીભાઈ તેમના ભાઈ સાથે મળી તમામ ગોઠવણ કરેલી. એ વાતની તેમને ખબર નથી કે,દીલ્હી મોકલયા બાદ શુ થયુ તેની જાણ આરોપીને લાલજીભાઈને છે કે કેમ? એ વાતની તેમને ખબર નથી કે, ત્યારબાદ શુ બનાવ બનેલો તેની આરોપી લાલજીભાઈ ને કોઈ જાણ થયેલ કે કેમ?

સદર સાહેદની વધુ **ઉલટતપાસ** બચાવના વિ.વશ્રી ધ્વારા લેવામા આવેલ છે જેમા તેઓ જણાવે છે કે તેઓ બી.કોમ સુધી ભણેલા છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેમને અંગ્રેજી ભાષા આવડે છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે,વિદેશ જવુ હોય તો વિઝા કઢાવવા પડે.એ વાતની તેમને ખબર નથી કે વિદેશમાં કામ કરવુ હોય તો ભારત સરકાર પાસેથી પણ વર્ક પરમીટ મેળવવી પડે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે,કેનેડા, અમેરીકા અને યુ.કે. મા તેમના સગા રહે છે. એ વાતની તેમને ખબર નથી કે,ઉપરોકત ત્રણ દેશમા જો ગેર કાયદેસર રીતે જવુ હોય તો છુપાઈ ને રહેવુ પડે. હકીકતનો સ્વીકાર કરે છે કે,જો કાયદેસર જવુ હોય તો વિઝા લેવા પડે. હકીકતનો સ્વીકાર કરે છે કે,પોતે પાસપોર્ટ ધરાવે છે.તેમણે પાસપોર્ટ ઉપર કોઇ વીઝા મેળવેલ નથી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે,વીઝા મેળવવા માટે ડોકયુમેન્ટ સાથે પાસપોર્ટપવો.પડે.આ કામનારોપી લાલજીભાઈને તેમના મોટા ભાઈ તથા ભેટાસીના વિનોદભાઈ ઓળખતા હતા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેમણે રેગ્યુલર વર્ક પરમીટ કઢાવવા માટે પાસપોર્ટ લાલજીભાઈને આપેલો.એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તા.૧૭/૦૫/૧૩ ના રોજ દીલ્હી જવા માટે વડોદરા રેલ્વે સ્ટેશને પોતે ચેલા.એ હકીકતનો ઈન્કાર કરે છે કે દીલ્હી જવા માટે તેમનુ

રાજધાની ટ્રેનમા રેગ્યુલર બુકીગ હતુ. રાજધાની ટ્રેન વડોદરાથી જવા માટેનો સમય આશરે રાતના અગીયાર સાડા અગીયારનો હતો. એ હકીકતનો ઇન્કાર કરે છે કે,તેમણે રાજધાની ટ્રેનમા તત્કાલ બુકીંગ કરાવેલુ.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમને લાલજીભાઈએ ટીકીટપેલી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે રાજધાની ટ્રેનમા ગયો ત્યારે તેમની સાથે ટ્રેનમા  લાલજીભાઈ આવેલા નહી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે,પોતે જ્યારે દીલ્હી ઉતરેલો ત્યારે લાલજીભાઈ ત્યા ન હતા. એ વાતની તેમને ખબર નથી કે લાલજીભાઈ એ જે ટીકીટ આપેલી તે ટીકીટ મારા નામની હતી કે કેમ? હકીકતનો સ્વીકાર કરે છે કે,રાજધાની  ટ્રેન સંપુર્ણ એ.સી.અને સુપર ફાસ્ટ ટ્રેન છે.એ વાતની તેમને ખબર નથી કે રાજધાની  ટ્રેનમાં  જનરલ કોચ હોય છે કેમ? પોતે રાજધાની ટ્રેનમાં બેઠો ત્યારબાદ ટીકીટ ચેકર આવી તેમની પાસે ટીકીટની માંગણી કરેલ નહી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પોતે પોતાના પોલીસ રુબરુ નિવેદન અને કોર્ટ રુબરુની સરતપાસમા એવુ જણાવેલ છે કે લાલજીભાઈના એજન્ટ વિજયભાઈનો મેસેજ આવેલો અને જણાવેલ કે, પહાડગંજ ઓરીએન્ટલ કોન્ટીનેટલ હોટલમાં આવી જાવ.એ હકીકતનો સ્વીકાર કરે છે કે,વિજયભાઈ ઉર્ફે સમીર ભાઈ મળેલા અને તેમને રુમ અપાવેલો.એ હકીકતનો સ્વીકાર કરે છે કે,તેમની સાથે પ્રિયેશ તથા ધર્મેશ હતા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ત્યારબાદ અમે હોટલમા બે દિવસ રોકાયેલા. હકીકતનો સ્વીકાર કરે છે કે, તા.૧૯/૫/૧૩ ના રોજ અમને મેટ્રો સ્ટેશન મુકી ગયેલા.સાહેદ સ્વેછાએ જણાવે છે કે ત્યાથી હરીયાણા લઈ ગયેલા. હકીકતનો સ્વીકાર કરે છે કે,સદર ગાડીમાં ખાંધલીના દીલીપભાઈ પટેલ અમારી સાથે હતા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે,પોતાના પોલીસ રુબરુ ના નિવેદન તથા સરતપાસમા જણાવ્યા પ્રમાણે અમને હરીયાણા/પાણીપત વિસ્તારમાં રાત્રે દશ વાગ્યાના સુમારે અમોને ત્યા સોસાયટી જેવા વિસ્તારમાં ત્રણ માળના મકાનમાં લઈ ગયેલા.અમોને તા.૧૯/૫/૧૩ થી તા.૩/૬/૧૩ સુધી ત્યા રાખેલા. અમને આશરે ૧૭ દીવસ જેટલો સમય લાગેલો. ત્યારબાદ તા.૩/૬/૧૩ ના રોજ અમારા હાથ પગ છોડી તેમને ધર્મેશ સોની તથા દીલીપભાઈ અને હનીફ એમ કુલ ચાર જણાને નીચે લઈ જઈ ગાડીમાં બેસાડેલા અને ત્યારબાદ દીલ્હી તરફના હાઈવે ઉપર લઈ જઈ ચાલુ ગાડીએ સરકારી બસ વાળાને હાથ કરીને અમારા ચાર માણસો છે તેવુ કહેતા હતા અને એક બસ ઉભી રહેતા બસની આગળ જઈ અમને રૂા.૫૩૦૦/– આપી બસમા બેસાડી દીધેલા. પોલીસે સદર સાહેદનુ નિવેદન લીધેલુ પરંતુ કઈ તારીખે લીધેલ તે મને હાલ યાદ નથી. હકીકતનો સ્વીકાર કરે છે કે, પોતે પોતાના પોલીસ રુબરુના નિવેદનમા

રૂા.૫૩૦૦/−તેમને આપેલા તેવી હકીકત જણાવેલ નથી. સાહેદ સ્વેછાએ જણાવે છે કે ટીકીટના પૈસા આપેલા. સદર સાહેદે બસમા બેઠા બાદ બસના ડ્રાયવર,કંડકટર કે અન્ય પસેન્જરોને અમારી સાથે જે બનાવ બનેલો તેની કોઈ ફરીયાદ કરેલ નહી. હકીકતનો સ્વીકાર કરે છે કે,અમે દીલ્હીથી વડોદરા રેલ્વેમા આવેલા. હકીકતનો સ્વીકાર કરે છે કે,આ દરમ્યાન રેલ્વે પોલીસ સ્ટેશને આ બાબતની કોઈ ફરીયાદ સદર સાહેદે કરેલી નહી. હકીકતનો સ્વીકાર કરે છે કે, પોતે તા.૪/૬/૧૩ ના રોજ ઘરે આવી ગયેલો.એ હકીકતનો સ્વીકાર કરે છે કે,તા.૨૩/૬/૧૩ ના રોજ કેતનભાઈએ એફ.આઈ.આર. નોંધાવેલી તે સિવાય સદર સાહેદે કોઈ એફ.આઈ.આર. નોધાવેલ નથી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે,તેઓની સાથે કાવીઠાના બુધાભાઈ ઉર્ફે હનીફ અમારી સાથે હતા. હકીકતનો સ્વીકાર કરે છે કે,બુધાભાઈ હાલના આરોપીના જમાઈ થાય છે.સાહેદ સ્વેછાએ જણાવે છે કે અમને પાછળથી જાણવા મળેલું. હકીકતનો સ્વીકાર કરે છે કે,બનાવ અંગેની સદર સાહેદે કોઈ ફરીયાદ આજદીન સુધીમા દાખલ કરેલ નથી.પોતે પાણીપતથી નીકળ્યો ત્યાથી ઘરે આવ્યો તે દરમ્યાન સદર સાહેદે કોઈ મેડીકલ ઓફીસર પાસે સારવાર લેવડાવેલ હોય તેવુ બનેલ નથી. લાલજીભાઈને અમે પૈસા આપેલ હોય એવો કોઈ પુરાવો પોલીસે અમારી પાસે માંગેલ નહી કે અમે એવો કોઈ પુરાવો પોલીસને આપેલ નહી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે કેતનભાઈના ભાઈ તેમના પિતા સાથે પૈસા ધિરવાનો ધંધો કરે છે.એ હકીકતનો ઈન્કાર કરે છે કે પોતે ખોટી જુબાની આપે છે.એ હકીકતનો ઈન્કાર કરે છે કે અમે વિજયભાઈ એજન્ટ પાસેથી પૈસા રીકવર કરી શક્યા નહી જેથી લાલજીભાઈ વિરુધ્ધ ખોટી ફરીયાદ કરેલ છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે પોતે ખોટી જુબાની આપે છે.

(૧૨) ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નં.૩ તરીકે સાહેદ ચીરાગભાઈ ચતુરભાઈ પટેલને આંક−૧૪ થી તપાસેલા છે જેઓએ જુબાનીમા જણાવેલ છે કે, તેઓ સને ૨૦૧૦ થી વાસદ ગામે રહે છે અને ખેતી કરે છે. બનાવ આશરે ૨૦૧૩ ની આસપાસ બનેલો. આ અરસામાં મારા ભત્રીજા કેતનકુમારને કેનેડા જવુ હતુ તે બાબતે તેઓ પ્રયત્ન કરતાં હતા ત્યારે લાલજીભાઈ સાથે તેમનો સંપર્ક થયેલો અને રૂ.૨૫,૦૦,૦૦૦/− માં કેનેડા લઈ જવાનું નક્કી કરેલુ. ત્યારપછી તેઓ લઈ ગયેલા નહી અને કેતનભાઈ સાથે છેતરપિંડી થયેલી. આ લાલજીભાઈને કેતનભાઈએ રૂ.૨૫,૦૦,૦૦૦/− આપેલા પરંતુ તેને દિલ્હી લઈ ગયેલા અને ત્યાં કોઈ પ્રવાહી પીવડાવી દીધેલુ અને તેને મારઝુડ કરેલી અને તેઓ કેનેડા પહોંચી ગયેલ છે તેવો ફોન કેતનભાઈના ઘરે કરાવડાવેલો જેથી કેતનભાઈએ પોતાના ઘરે

ફોન કરીને કેનેડા પહોંચી ગયેલ છે તેવુ જણાવેલુ. ત્યારબાદ આશરે એકાદ અઠવાડીયા પછી કેતનભાઈ પોતાના ઘરે આણંદ જીલ્લાના ભેટાસી ગામે પાછા આવી ગયેલા.ત્યારબાદ કેતનભાઈએ આ બાબતે કેસ કરેલો.પોલીસે બનાવ બાબતે સદર સાહેદનુ નિવેદન લીધેલુ. છેતરપિંડી કરનાર લાલજીભાઈ આજરોજ કોર્ટમાં હાજર છે.

સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરવા પરવાનગી માંગતા સાહેદની ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા પરવાનગી આપવામાવેલ અને તેમા તેઓ હકીકતનો સ્વીકાર કરે છે કે પોતે પોતાના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ કે,"ગઈ તા.૧૭/૫/૨૦૧૩ ના રોજ સાંજના સાત વાગ્યાના સુમારે મારા મોબાઈલ ફોન ઉપર મારા ભત્રીજા કેતને મોબાઈલ નં.૧૬૪૭૫૫૬૬૦૦૩ ઉપરથી મને ફોન કરેલો અને મને જણાવેલ કે હુ સારી રીતે કેનેડા પહોંચી ગયો છુ, ત્યાર બાદ તા.૧૮/૫/૨૦૧૩ ના રોજ બપોરના આશરે ૧૨ વાગ્યાના સુમારે હુ મારા ભત્રીજા કેતનના ઘરે હાજર હતો તે વખતે બોરસદના લાલજીભાઈ ઉર્ફે સુરેશભાઈ જશભાઈ પટેલ નાઓ એક ગાડી લઈને ભેટાસી મુકામે આવેલા અને તેમના ઘરેથી ૨૫ લાખ લાલજીભાઈ લઈ ગયેલા જે રૂપિયા કેતનના પપ્પાએ આપેલા. ત્યારબાદ તા.૪/૬/૨૦૧૩ ના રોજ આશરે ૫ વાગ્યાના સુમારે મારા ભત્રીજા કેતન નાએ તેના પપ્પાના મોબાઈલ નં. ૯૪૨૮૪૯૬૭૩૫ ઉપરથી મને વાત કરેલી કે મને ભેટાસી થી અમદાવાદ લઈ ગયેલા અને ત્યાથી ઉદેપુર લઈ જઈ દિલ્હી મોકલેલો અને ત્યાથી હરીયાણા મોકલી ત્યા બાંધી રાખી મારઝુડ કરેલી અને મારી પાસેથી રૂ.૬૦૦૦/- તથા ૧૨૦૦/- ડોલર બળજબરીથી કઢાવી લીધેલા અને કેનેડા નહી મોકલી પાછો મોકલી દીધેલો."સદર સાહેદની બચાવપક્ષે કોઈ ઉલટતપાસ કરવામાવેલ નથી.

(૧૩) ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નં.૪ તરીકે સાહેદ ધર્મેશભાઇ સુરેશભાઇ સોનીને આંક-૧૫ થી તપાસેલા છે જેઓએ જુબાનીમા જણાવેલ છે કે,સને ૨૦૧૩ ની સાલમાં તેઓ બોરસદ મુકામે શ્રીજી જ્વેલર્સમાં બેસતો હતો.તે સમયે તેમના મિત્ર ઘનશ્યામભાઈ નાઓ સાથે તેમને વાતચિત થયેલી અને તેમને મને કેનેડા જવા માટે લાલજીભાઈનો સંપર્ક કરવા માટે કહેલુ.સદર સાહેદ અને તેમના મોટા ભાઈ હિરેન નાઓ લાલજીભાઈને બોરસદ મુકામે આણંદ ચોકડીએ મળવા ગયેલા.સદર સાહેદે અને તેમના ભાઇએ તેમની સાથે વાતચિત કરેલી અને લાલજીભાઇએ જણાવેલ કે હુ કેનેડા મોકલી આપવાનું કામ કરૂ છુ. તેમને લાલજીભાઇએ જણાવેલુ કે ઘનશ્યામ પણ સારી રીતે કેનેડા પહોંચી ગયો છે, તમે

પણ જતા રહો. ત્યારબાદ સદર સાહેદે તેમનો પાસપોર્ટ લાલજીભાઈને આપેલો તેમને જણાવેલુ કે તમારૂ કામ થઈ જશે એટલે ફોન કરીશ.

ત્યારબાદ તા.૧૭/૫/૨૦૧૩ ના રોજ લાલજીભાઈનો સદર સાહેદ પર ફોન આવેલો અને તેમને જણાવેલ કે તમે તૈયાર રહેજો, હુ સાંજે ૬ વાગે તમને લેવા આવીશ.ત્યારબાદ સદર સાહેદ તેમના ઘર નીચે ઉભો હતો ત્યારે લાલજીભાઈ તેમને ગાડી લઈને લેવા આવેલા અને સદર સાહેદ તે ગાડીમાં બેસી ગયેલો અને ત્યાથી ભેટાસી ગામેથી કમલેશભાઈને સાથે લીધેલા અને ત્યાથી ધર્મજનો એક છોકરો પ્રિયેશ પટેલને વાસદથી અમે સાથે લીધેલો.ત્યારબાદ લાલજીભાઈએ અમને જણાવેલ કે બરોડાથી તમારી ટ્રેન છે જેમાં બેસી તમારે દિલ્હી જવાનુ છે.અમો બધા બરોડા સ્ટેશને રાત્રે આશરે ૦૯/૩૦ વાગે પહોંચી ગયેલા અને ત્યાથી રાજધાની ટ્રેનમાં બેસીને દિલ્હી પહોંચેલા.લાલજીભાઈએ તેમને જણાવેલુ કે દિલ્હી ખાતેથી એક એજન્ટ અમને લેવા આવી જશે.દિલ્હીથી અમને આ એજન્ટ લેવા આવી ગયેલો અને અમને એક રીક્ષામાં બેસાડી કોઈ રૂમ ઉપર લઈ ગયેલો. તેણે અમને જણાવેલુ કે તમારા કાગળીયા બીજા દિવસે આવવાના છે.ત્યારબાદ બીજા દિવસે તેઓ આવેલા અને અમને સુચના આપેલી કે બેગમાં કોઈ પ્રવાહી કે વાંધાજનક વસ્તુ ન લઈ જશો તેમ જણાવી અમારી બેગ ચેક કરેલી. ત્યારબાદ બીજા દિવસે તેમને તથા કમલેશભાઈને જણાવ્યુ કે તમારૂ કેનેડા જવાનુ નક્કી થયેલ છે જેથી એરપોર્ટ જવાનુ રહેશે.જેથી અમે તૈયાર થઈ બેગ લઈ એરપોર્ટ પહોંચેલા અને ત્યા ઉભા હતા ત્યારે કોઈ બીજા ભાઈ આવેલા અને તેમને કહેલુ કે અમારા બધા કાગળીયા ઓફીસેથી લેવાના છે તેમ કહી અમો બંનેને ગાડીમાં બેસાડી હરીયાણા પાણીપત વાળા રસ્તે કોઈ ઘરમાં લઈ ગયેલા.જ્યાં તેમનો સામાન લેવા કોઈ આવેલુ અને લઈ ગયેલુ તથા ઉપરના માળે સાહેબ બેઠા છે તેમની પાસેથી કાગળીયા લેવાના છે તેમ કહી અમને ઉપર લઈ ગયેલા.જ્યાં અમને સોફામાં બેસાડી પાણી પીવડાવી અને સાહેબ આવે ત્યા સુધી બીજી રૂમમાં આરામ કરો તેમ કહી બીજી રૂમમાં લઈ ગયેલા.જ્યાં અમે બંને બીજી રૂમમાં બેઠા હતા એટલામાં ૨ કે ૩ મિનીટમાં ૬ થી ૭ ઈસમો આ રૂમમાં આવેલા અને આવીને અમને મારવાનું ચાલુ કરી દીધેલુ અને અમારા કપડાં કાઢી નાખેલા તથા અમારી પાસે રહેલા ૧૫૦૦ ડોલર અને રૂ.૪૫૦૦/–પણ લઈ લીધેલા અને અમારો સામાન પણ લઈ લીધેલો હતો.આ ઈસમો પૈકી એક ઈસમે તેમની સોનાની વિંટી તથા સોનાની ચેઈન પણ કાઢી લીધેલી હતી અને અમને ફરીથી મારેલા. આ ઈસમોએ અમને જણાવેલુ કે અમારા એજન્ટે તેમને પૈસા આપેલ ન હોવાથી તેઓએ અમને

બંધી બનાવેલ છે.તેમણે જણાવેલ કે તમારા ઘરે તમે ફોન કરી શકો છો. તમો કેનેડા પહોંચી ગયા છો તેવુ તમારા ઘરે જણાવો અને અમને પૈસા આપી દેવામાં આવે તો અમે તમને આગળ કેનેડા જવા દઈશુ. જેથી તેમના કહેવા મુજબ અમે બીજા દિવસ અમારા ઘરે ફોન કરીને અમે કેનેડા પહોંચી ગયેલ છીયે તેવુ કહેલુ. ત્યારબાદ આ ઈસમોએ અમોને ફરીવાર રૂમમાં લઈ જઈ મારવાનું શરૂ કરેલુ.

ત્યાર બાદ અમને બંનેને બીજા રૂમમાં શિફ્ટ કરેલા જ્યાં બીજા આવા લોકો પણ હતા જેમને કેનેડા જવાનુ કહી લાવવામાં આવેલા. ત્યાં અવાર નવાર અમને કલાકે કલાકે ખુબ મારતાં હતા અને અવાર નવાર ઘેનની દવાઓ ગળવા આપતાં હતા. આ રીતે અમને "તમારૂ પેમેન્ટ હજુ આવ્યુ નથી" તેમ કહી આ લોકોએ આશરે ૧૬ થી ૧૭ દિવસ ગોંધી રાખેલ.ત્યારબાદ જે ઈસમ અમને એરપોર્ટથી આ જગ્યાએ લાવેલ હતો તેણે અમને જણાવેલુ કે અમારો એજન્ટ તેમને પૈસા આપતો નથી પરંતુ તે ઈસમ અમને અમારા ઘરે મોકલવાના પૈસા રૂ.૨૫૦૦/-આપવાનું જણાવેલુ.જેથી તેની પાસેથી રૂ.૨૫૦૦/- લીધેલ. અમને તેઓએ અમને હરીયાણાના હાઈવે ઉપર ઉતારેલા અને ત્યાથી અમે દિલ્હી સુધી બસમાં આવેલા અને ત્યાથી દિલ્હી રેલ્વે સ્ટેશને પહોંચેલા. દિલ્હી રેલ્વે સ્ટેશન ખાતે અમારા જેવાં ભોગ બનેલા ઘણા બધા લોકો અમને મળેલા. જ્યાથી અમે બધા રેલ્વે મારફત બરોડા પહોંચેલા પરંતુ અમને ગોંધી રાખેલા ઈસમોએ અમને ધમકી આપેલી કે જો તમે પોલીસ સ્ટેશન જશો તો તમને અમે પાછા પકડીને જે જગ્યાએ ગોંધી રાખેલા ત્યા લાવી દઈશુ. જેથી અમે પોલીસ સ્ટેશને ગયેલા નહી. બરોડા પહોંચી ગયા બાદ સદર સાહેદે તેમના મોટાભાઈ હિરેનભાઈને ફોન કરીને બનાવની જાણ કરેલી. ત્યારબાદ પોતે બરોડાથી ગાડી કરીને તેમના ગામ બોરસદ સુધી પહોંચી ગયેલો.આ સમગ્ર બનાવમાં તેમના ભાઈ હિરેનભાઈએ આશરે ૨૫ થી ૨૬ લાખ રૂપિયા જેટલી રકમ લાલજીભાઈને આપેલ હતી. સદર સાહેદલાલજીભાઈને ઓળખી શકે જે આજરોજ કોર્ટમાં હાજર છે.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાવેલ છે જેમા તેઓ જણાવે છે કે તેઓ ધોરણ ૧૦ સુધી ભણેલ છે.તેમનુ મુળ ગામ બોરસદ છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે બોરસદથી કાવીઠા ગામ ૧૦ કિ.મી ના અંતરે છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે અમને રૂમમાં મળેલો એક ઈસમ બુદ્ધો નામનો હતો જે કાવીઠાનો હતો તેવુ જણાવેલુ. એ હકીકતનો ઈન્કાર કરે છે કે રાજધાની એક્સપ્રેસમાં અમે ગયેલા તેનુ બુકીંગ પોતે કરાવેલુ. એ હકીકતનો ઈન્કાર કરે છે કે અમે દિલ્હી પહોંચ્યા ત્યા અમને વિજય નામનો ઈસમ મળેલો. સાહેદ જણાવે છે કે

વિજય અમને મુંબઈ ખાતે મળેલો.એ હકીકતનો ઈન્કાર કરે છે કે આ વિજયને સદર સાહેદે રૂ.૨,૭૦,૦૦૦/–રોકડા આપેલા.એ હકીકતનો ઈન્કાર કરે છે કે સદર સાહેદે વિજયને રૂ.૨,૭૦,૦૦૦/–રોકડા આપેલાની હકીકત પોતાના પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલી.સાહેદ જણાવે છે કે તેમણે આ રકમ કોને આપેલ હોવા જણાવેલ તે હાલ તેમને ચોક્કસ યાદ નથી.અમે દિલ્હી પહોંચ્યા ત્યારે અમે ત્રણ વ્યક્તિઓ હતા જેમાં કમલેશભાઈ, પ્રિયેશ અને હુ એમ ત્રણ જણા હતા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે અમને ત્રણેય જણને ત્યાની હોટલમાં લઈ ગયેલા.આ હોટલમાં એક દિવસ રોકાયેલા. આ હોટલમાં રોકાવા માટે રજીસ્ટરમાં નોંધ કરવા જેવી કામગિરી એજન્ટ વિજયભાઈએ કરેલી.ત્યાથી અમને એરપોર્ટ પર લઈ ગયેલા.એરપોર્ટ પરથી અમને બીજી કોઈ જગ્યાએ રહેણાંક વિસ્તારમાં લઈ ગયેલા. હકીકતનો સ્વીકાર કરે છે કે આ રહેણાંક વિસ્તારમાં અમને બીજા રૂમમાં લઈ ગયેલા જ્યાં અમારા સિવાય બીજા બે વ્યક્તિઓ પણ હતા. અમને ગોંધી રાખનાર ઈસમોએ અમારા પાસપોર્ટ અમને ક્યારે પાછા આપેલા તે તેમને હાલ યાદ નથી. સાહેદ જણાવે છે કે અમને ઘેનની દવાઓ આપતાં હોવાથી અમે ઘેનમાં હતા.અમે દિલ્હી રેલ્વે સ્ટેશને પહોંચ્યા ત્યા અમને બીજા માણસો પણ મળેલા જે પૈકી એકનું નામ ઘનશ્યામ હતુ, બીજાના નામ યાદ નથી. હકીકતનો સ્વીકાર કરે છે કે દિલ્હી રેલ્વે સ્ટેશન ખાતે અમને મળેલા આ ઈસમોને અમે અમારી સાથે બનેલા બનાવની જાણ કરેલી અને તેઓએ તેમની સાથે બનેલા બનાવની જાણ અમને કરેલી. દિલ્હી રેલ્વે સ્ટેશન પહોચ્યા ત્યારે માનસિક રીતે હુ સ્વસ્થ હતો પરંતુ થોડો ઘણો ઘેનમાં હતો. તેમને ગોંધી રાખેલ અને મારઝુડ કરી તેનાથી તેમના હાથ અને પગમાં સોજા આવી ગયેલ હતા તથા તેમને તેમના માથાના ભાગે કાનની ઉપરની બાજુ ઈજા થતાં લોહી નીકળેલ તે પોતાના કપડાં પર પણ પડેલુ હતુ.એ હકીકતનો સ્વીકાર કરે છે કે રેલ્વે સ્ટેશન પર પોલીસ ફરતી હોય છે. સદર સાહેદે આ બનાવ બાબતે કોઈ ફરીયાદ દિલ્હી પોલીસ સ્ટેશન કે તેની આસપાસના પોલીસ સ્ટેશનમાં આપેલી નથી.સદર સાહેદે બરોડા ખાતે પણ બનાવની કોઈ પોલીસ ફરીયાદ આપેલી નથી. ૧૫ દિવસ તેમની સાથે આવો બનાવ બન્યા બાદ પોતે વડોદરા ક્યારે આવેલો તે તેમને હાલ યાદ નથી.તેઓ કયા મહિનામાં બરોડા પહોંચેલો તથા તે વખતે કઈ રૂતુ હતી તે તેમને યાદ નથી. હકીકતનો સ્વીકાર કરે છે કે આ કામમાં ફરીયાદ કરવા પોતે ગયેલા નથી.તા.૨૨/૦૬/૨૦૧૩ ના રોજ બોરસદ ખાતે અમે કોઈ મિટીંગ કરી હોય તેવુ હાલ યાદ નથી. તા.૨૨/૦૬/૨૦૧૩ ના રોજ અમે બોરસદ ખાતે કોર્ટમાં ગયેલ હોય તેવુ તેમને યાદ નથી.સદર સાહેદ આણંદ ખાતે

પોલીસ સ્ટેશનમાં બનાવ બાબતે ફરીયાદ આપવા ગયેલો પરંતુ તે કયુ પોલીસ સ્ટેશન હતુ તે યાદ નથી. હકીકતનો સ્વીકાર કરે છે કે તા.૨૮/૬/૨૦૧૩ ના રોજ તેમણે એક લેખિત ફરીયાદ પોલીસ સ્ટેશનમાં આપેલી ત્યારે દિલીપભાઈ તેમની સાથે હતા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેઓએ લેખિત ફરીયાદ આપી તે પહેલા તા.૨૩/૬/૨૦૧૩ ના રોજ આ બનાવની એફ.આઈ.આર આંકલાવ પો.સ્ટેમાં નોંધાયેલી.

અમને દિલ્હી ખાતે રૂમમાં બુઢ્ઢો નામનો ઈસમ મળેલો તે આરોપી લાલજીભાઈનો સગો ભત્રીજો થાય છે કે કેમ તેની તેમને ખબર નથી. સાહેદ જણાવે છે કે તેનો કોઈ સગો થાય છે. આ કામે અમને મળેલો વિજયભાઈ મુળ વાપીના રહેવાસી છે તેની તેમને ખબર નથી. હકીકતનો સ્વીકાર કરે છે કે બોરસદ થી જ્યારે અમે દિલ્હી જવા નીકળ્યા ત્યાએ લાલજીભાઈ તેમની ગાડીમાં બરોડા રેલ્વે સ્ટેશન ઉતારી ગયેલા. એ હકીકતનો ઈન્કાર કરે છે કે તે વખતે આ ગાડીમાં બુઢ્ઢો નામનો ઈસમ પણ હાજર હતો. હકીકતનો સ્વીકાર કરે છે કે અમે બરોડા રેલ્વે સ્ટેશનથી દિલ્હી જવા નીકળ્યા ત્યારબાદ જે કોઈ બનાવ બન્યો અને અમે ત્યાથી પાછા અમારા ઘરે આવી ગયા ત્યા સુધી અમને આરોપી લાલજીભાઈ મળ્યા નથી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે આરોપી લાલજીભાઈએ અમને કોઈ શારિરીક રીતે મારઝુડ કરેલ હોય કે કોઈ ઘેનની દવા આપેલ હોય તેવુ બનેલ નહી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમની સાથે જે કોઈ ગુનાહિત કુત્ય થયુ તે હરીયાણાના ઈસમોએ કરેલુ. એ હકીકતનો ઈન્કાર કરે છે કે ખોટી ફરીયાદના સમર્થનમાં ખોટી જુબાની આપે છે.

(૧૪) ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નં.પ તરીકે સાહેદ રાજેશકુમાર પુંજાભાઈ પટેલને આંક-૧૬ થી તપાસેલા છે જેઓએ જુબાનીમા જણાવેલ છે કે,ઉપરના સરનામે રહે છે અને ખેતી કરે છે. અમો બે ભાઈ છીએ જેમાં સદર સાહેદ મોટા છે અને તેમના નાના ભાઈનું નામ કમલેશ છે.બનાવ સને ૨૦૧૩ ની સાલમાં બનેલો. અમારા ગામના વિનોદભાઈ સાથે આ કામના આરોપી લાલજીભાઈ કેળા લેવા આવતાં હતા જેથી તેમનો સંપર્ક થયેલો.તેઓએ વિનોદભાઈને એમ જણાવેલ કે તેઓ કાયદેસર રીતે અમેરીકા અને કેનેડા જવા ઈચ્છુક લોકોને મોકલી આપે છે. ત્યા પહોંચ્યા પછી તે અંગેના પૈસા આપવાના રહેશે.ત્યારબાદ આ વિનોદભાઈના દિકરા કેતનભાઈ તથા મારા ભાઈ કમલેશભાઈએ આ લાલજીભાઈ મારફત કેનેડા જવાનુ નક્કી કરેલુ. ત્યારબાદ નક્કી કરેલા દિવસે લાલજીભાઈ આવેલા અને તેમના કમલેશભાઈને દિલ્હી લઈ ગયેલા.ત્યારબાદ ૨-૩ દિવસ બાદ તેમના

ભાઈનો સદર સાહેદની ઉપર ફોન આવેલો કે તેઓ કેનેડા પહોંચી ગયેલ છે જેથી લાલજીભાઈને રૂ. ૨૫,૦૦,૦૦૦/–આપી દેજો.ત્યારબાદ એકાદ–બે દિવસ પછી લાલજીભાઈ પૈસા લેવા ભેટાસી મુકામે મારા ઘરે આવેલા જેથી સદર સાહેદે તેમને રૂ.૨૫,૦૦,૦૦૦/– આપેલા.ત્યારબાદ ૪–૫ દિવસ પછી મારો ભાઈ કમલેશભાઈ સાંજના સમયે અમારા ઘરે પાછા આવેલા જેથી તેને જોઈને તેમને આશ્ચર્ય થયેલુ. તેમને પુછતાં તેમણે તેમની સાથે બનેલ તમામ હકીકતો મને જણાવેલી.તેમણે  જણાવેલ કે તેમને હરીયાણા મુકામે લઈ જઈને ગોંધી રાખીને મારઝુડ કરીને ફોન પર કહેવડાવેલુ કે તેઓ કેનેડા પહોંચી ગયેલ છે અને તે વખતે તેમની પાસે રોકડ રકમ તથા ડોલર પણ ત્યાં તે લોકોએ લઈ લીધેલુ. જેથી સદર સાહેદે લાલજીભાઈને આ બાબતે ફોન કરેલો તેથી લાલજીભાઈ બે–ત્રણ દિવસ પછી અમારા ઘરે આવેલા અને તેમને અમારા પૈસા તેઓ પાછા આપી દેશે તેમ જણાવી ફરીયાદ ન કરવાનુ કહેલુ.ત્યારબાદ ઘણા સમય સુધી લાલજીભાઈનો સંપર્ક થયેલો નહી જેથી અમે આંકલાવ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપવા ગયેલા. બનાવની ફરીયાદ કેતનભાઈ વિનોદભાઈ નાઓએ આપેલી.સદર સાહેદ લાલજીભાઈને ઓળખી શકે જે આજરોજ કોર્ટમાં હાજર છે.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાવેલ છે તેમા તેઓ જણાવે છે કે તેઓ બી.કોમ સુધી ભણેલ છે.ભેટાસીથી કાવીઠા ગામ ૧૭ કિ.મી ના અંતરે છે. તેઓ લાલજીભાઈના સંપર્કમાં વિનોદભાઈ મારફત આવેલો. તેમનો સીધો સંપર્ક ન હતો. કેનેડા જવાનુ તેમના ભાઈ કમલેશભાઈ અને કેતનભાઈનું નક્કી થયેલુ. એ હકીકતનો સ્વીકાર કરે છે કે કેનેડા જવાનુ તેમના ભાઈ કમલેશભાઈ અને કેતનભાઈનું નક્કી થયેલુ તે વિગત તેમને વિનોદભાઈએ જણાવેલ.  એ હકીકતનો સ્વીકાર કરે છે કે કમલેશભાઈ તથા કેતનભાઈને કેનેડા મોકલવા બાબતે મારે લાલજીભાઈ સાથે સીધી કોઈ ચર્ચા થયેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે આરોપી લાલજીભાઈ પોતાની ગાડી લઈને તેમના ભાઈ કમલેશભાઈને લેવા માટે આવેલા.તે વખતે તેમની ગાડીમાં બીજુ કોઈ ન હતુ.લાલજીભાઈએ કમલેશભાઈને વડોદરા છોડી દીધેલા તેની તેમને ખબર નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે કમલેશભાઈ સાથે બનેલ બનાવ બાબતે તેમણે દિલ્હી, હરીયાણા કે વડોદરા મુકામે કોઈ ફરીયાદ આપી હોય તેવુ બનેલ નથી.હાલની ફરીયાદ બનાવ બન્યા બાદ કેટલા દિવસ પછી આપવામાં આવેલી તે હાલ તેમને યાદ નથી.આરોપી લાલજીભાઈના પરીવારના સભ્યો અમેરીકા મુકામે હોય અને ખુબ પૈસા વાળા હોય તેવી કોઈ હકીકતની તેમને ખબર

નથી.લાલજીભાઈના ભત્રીજા જમાઈ બુલ્લો પણ આ બનાવમાં ભોગબનનાર છે તેવી કોઈ હકીકતની તેમને ખબર નથી.આ બુઢા સાથે પણ ફરીયાદ મુજબનો બનાવ બનેલ હોય તેવી કોઈ જાણ તેમના ભાઈએ મને કરેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમના ભાઈ સાથે જે કોઈ બનાવ બનેલ હોય તેની જાણ તેમના ભાઈએ મને કરેલી.બનાવ બાબતે તેમને અંગત જાતમાહિતી નથી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે સદર સાહેદ વિનોદભાઈને સાથે રાખીને લાલજીભાઈના ઘરે રૂ.૨૫,૦૦,૦૦૦/- પાછા લેવા ગયેલો.એ હકીકતનો ઈન્કાર કરે છે કે ખોટી ફરીયાદના સમર્થનમાં ખોટી જુબાની આપે છે.

**- ભોગ બનનારનો પુરાવો.-**

(૧૫) ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નં.૭ તરીકે ભોગ બનનાર સાહેદ દિલીપભાઇ અશોકભાઇ પટેલને આંક-૧૯ થી તપાસેલા છે જેઓએ જુબાનીમા જણાવેલ છે કે,તેઓ ખેતીકામ કરે છે અને ખાંધલી મુકામે રહે છે.ફરીયાદવાળો બનાવ આજથી પંદરેક વર્ષ પહેલા બનેલો.તે વખતે તેમને કેનેડા જવાનુ હોવાથી તેમણે કાવિઠા ગામના લાલજીભાઈનો સંપર્ક કરેલો. આ લાલજીભાઈ વિદેશ મોકલવાની પ્રક્રિંયા કરવાની કામગીરી કરતા હોવાથી અને અગાઉ તેઓએ તેમના મામાના દિકરાને કેનેડા મોકલેલ હોવાથી મે તેમનો સંપર્ક કરેલો.અમે તેમને બોરસદ મુકામે મળેલા ત્યારે તેમણે અમોને જણાવેલુ કે અમારે પ્રથમ દિલ્હી જવાનુ રહેશે અને ત્યારબાદ દિલ્હીથી કેનેડા જવાનુ રહેશે.જેથી અમે તેમના જણાવ્યા મુજબ દિલ્હી ગયેલા અને ત્યા પહોંચ્યા બાદ એક ઈસમ આવેલો અને તેણે અમને એક મકાનમાં પુરી દીધેલા.જ્યાં પંદરેક દિવસ અમને પુરી રાખેલા અને પછી છોડી દીધેલા અને અમોને દિલ્હી રેલ્વે સ્ટેશન નજીક છોડી દીધેલા અને ત્યાથી રેલ્વે સ્ટેશને પહોંચી જવાનુ કહેલુ જેથી અમે રેલ્વે સ્ટેશન જતા રહેલા અને ત્યાથી અમે આણંદ પાછા આવી ગયેલા.દિલ્હી ખાતે અમને કયા ઈસમે પુરી રાખેલા તેને તેઓળખતા નથી,તેનુ નામ તેમને ખબર નથી અને સદર સાહેદે આણંદ આવ્યા બાદ પોલીસને આ બનાવ બાબતે કોઈ લેખિત અરજી કે રજુઆત કરેલ હોય તેવુ બનેલ નહી.તેમને સાહેદ દિલીપભાઈ અશોકભાઈ પટેલની આરોપી વિરૂધ્ધ કરેલ અરજીની પ્રમાણીત નકલ બતાવવામાં આવે છે જેમાં પોતાની સહી થયેલી નથી.દિલ્હી ખાતે અમોને ગોંધી રાખેલા અને પહેલે દિવસે અમને થોડોક માર મારેલો અને અમારી પાસેથી પૈસા અને કપડાં બધુ લઈ લીધેલુ અને અમને બીવડાવતા હતા. સદર સાહેદ ફરીયાદપક્ષની મહત્વની વિગતોને સમર્થન કરતા ન હોય જેથી સદર સાહેદને ફરી ગયેલ સાહેદ જાહેર કરીને વિ. સરકારી વકીલશ્રી તરફે વિગતે ઉલટ તપાસ લીધેલ છે.

જેમા પણ સદર સાહેદ તરફથી ઈન્કારમા જવાબ પુરાવો રજુ કરેલ છે.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા **ઉલટતપાસ** કરવામાં આવેલ છે. જેમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમણે લાલજીભાઈ સામે ક્યારેય કોઈ ફરીયાદ આપેલ નથી. તેમને તેમના પાસપોર્ટ વાપીના વિજયભાઈ નાઓએ કુરીયર મારફતે મોકલેલા કે નહી તે પોતે કહી શકે નહી. સાહેદ જણાવે છે કે તેમને મારૂતિ કુરીયર દ્ધારા તેમના પાસપોર્ટ મળેલા પણ કોણે મોકલેલા તે તેમને ખબર નથી. હકીકતનો સ્વીકાર કરે છે કે આરોપી લાલજીભાઈ સાથે તેમને કોઈ આર્થિક વ્યવહાર થયેલા નથી. એ હકીકતનો પણ સ્વીકાર કરે છે કે આરોપી લાલજીભાઈ અમોને રેલ્વે સ્ટેશને મુકવા આવ્યા હોય અને દિલ્હી મુકામે તેઓ હાજર હોય તેવુ બનેલ નહી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે ખોટી ફરીયાદના સમર્થનમાં સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

– ***પોલીસ સાહેદનો પુરાવો*** –

(૧૬) ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નં.૬ તરીકે ફરીયાદ લેનાર તથા તપાસ કરનાર અધીકારી લાલજીભાઇ વીરાભાઇ વાઘેલાને આંક–૧૭થી તપાસેલા છે જેઓએ જુબાનીમા જણાવેલ છે કે, સને–૨૦૧૩ માં આંકલાવ પો.સ્ટેમાં પોસઈ તરીકે ફરજ બજાવતો હતો તે દરમ્યાન ફરીયાદીશ્રી કેતનકુમાર વિનોદચંદ્ર પટેલ, રહે–ભેટાસી નાઓ પો.સ્ટે આવેલા અને પોતાની રૂબરૂ તેઓની ફરીયાદ હકીકત જણાવતા તેઓના લખાવ્યા મુજબની ફરીયાદ તેમના રાઈટર પાસે ટાઈપ કરાવી લીધેલી અને તે ફરીયાદ તેઓને વાંચી સંભળાવતા તેઓએ ફરીયાદમાં સહી કરેલી અને રૂબરૂ તરીકે પોતે પોતાની સહી કરેલી.ત્યારબાદ ફરીયાદના આધારે આંકલાવ પો. સ્ટે. ગુ.ર .નં. ૪૭/૨૦૧૩, ઈપીકો કલમ–૪૦૬, ૪૨૦, ૩૮૪, ૩૪૨, ૧૨૦(બી) મુજબ ગુનો રજીસ્ટર કરેલો અને તેની નોંધ પો.સ્ટેની સ્ટેશન ડાયરીમાં કરેલી અને આગળની તપાસ અમોએ જાતે સંભાળી લીધેલી. સદર તપાસ દરમ્યાન સાહેદોના નિવેદનો લીધેલા તેમજ મોબાઈલ કોલ ડીટેલ મેળવવા માટે તજવીજ કરેલી. ત્યારબાદ આણંદના મહે. એસ. પી. સાહેબની લેખિત સુચના મુજબ આગળની તપાસ એલ.સી.બી. આણંદ નાઓ તરફ મોકલી આપેલી.તેમને નિ–૭/૧ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં ફરીયાદી તેમજ રૂબરૂ તરીકે પોતાની સહી છે જે પોતે ઓળખી બતાવે છે જે સી.સી. નં.૨૭૩૩/૨૦૧૩ ના કામે આંક–૩૬ થી રજુ થયેલ છે જેને આ સેશન્સ કેસના કામે એપીપીશ્રીની વિનંતીથી વંચાણે લેતાં આંક–૧૮ આપવામાં આવેલ છે.

સદર ત.ક.અ.ની બચાવપક્ષના વિ.વ.શ્રી.ધ્વારા ઉલટતપાસ કરવામાવેલ

છે જેમા તેઓ હકીકતનો સ્વીકાર કરે છે કે ફરીયાદ તા.૨૩/૬/૨૦૧૩ ના રોજ લીધેલી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે એફ.આઈ.આર માં ગુનાનો સમય તા.૧૨/૫/૨૦૧૩ થી તા.૩/૬/૨૦૧૩ નો દર્શાવેલ છે. ફરીયાદીએ ફરીયાદ મોડી કરવાનું કારણ પોતાની રૂબરૂ જણાવેલ નહી. હકીકતનો સ્વીકાર કરે છે કે તેઓએ તપાસ દરમ્યાન સાહેદોના નિવેદનો માત્ર લીધેલા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમણે ગુનાવાળી જગ્યાનું કે અન્ય કોઈ કાર્યવાહીનું પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નહી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ગુનો બન્યો ત્યારે આજુબાજુના વ્યક્તિનું કોઈ નિવેદન લીધેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે આ ગુનાના કામે તપાસ માટે દિલ્હી ગયેલ હોય તેવુ બનેલ નહી. હકીકતનો સ્વીકાર કરે છે કે ફરીયાદી કે કોઈ સાહેદે તેની કોઈ થયેલ ઈજાની સારવાર લીધેલ હોય તેનું મેડીકલ સર્ટીફીકેટ તેમને આપેલ હોય તેવુ બનેલ નથી. તેમણે આ કામે તેમની તપાસ દરમ્યાન આરોપીને અટક કરેલ હોય કે કોઈ રીકવરી ડિસ્કવરી કરેલ હોય તેવુ બનેલ નહી. હકીકતનો સ્વીકાર કરે છે કે આગળની તપાસ અન્ય અધિકારીને સોંપાયા બાદ તેમણે કરેલ તપાસ વિશે તેમને કોઈ અંગત માહિતી નથી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે ખોટી ફરીયાદના સમર્થનમાં સોગંધ ઉપર ખોટી જુબાની આપે છે.

(૧૭) ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદપક્ષ પર રહેલ છે.ફરિયાદપક્ષે પોતાની હકીકત શંકાથી પર સાબીત કરવાની હોય છે. દિવાની કાર્યવાહી જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવાનો બોજો આરોપી ઉપર બેસતો નથી.ફરિયાદપક્ષે માત્ર સંભવિતતા દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી ઉપરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે. સાબીત થયેલ હકીકતો કોને કહેવાય. તે જોવામાં આવે તો ન્યાયાલય સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતો અસ્તિત્વ હોવાનું માને છે તો તેવી હકીકતો સાબીત થયેલ ગણાય. હાલના કામે આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ-૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦બીલ૧૧૪ મુજબના ગુનાનો આક્ષેપ હોય. સદરહું કલમ અન્વયે આવશ્યક તત્વ મુજબના ગુનો સાબીત કરવા

ફરિયાદીએ ભારતીય પુરાવા અધીનિયમની કલમ ૧૦૧ થી ૧૦૩ મુજબ પુરાવા રજુ કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે.

(૧૮) આ તબકકે ફરીયાદની હકીકતો તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવો ધ્યાને લેતાં આવા સંજોગોમાં કેસનો ન્યાયી નિર્ણય કરવા સબબ નામદાર ઉચ્ચ અદાલતો દવારા કેટલાક ચુકાદાઓમાં મહત્વપુર્ણ સિધ્ધાંતો પ્રસ્થાપિત થયેલ છે. જેની ટુંક હકીકતો નીચે મુજબ છે.

(૧૮.૧) **૧૯૯૧(૧) જી.એલ.આર. ૨૨૬** *માં પ્રસિધ્ધ થયેલ* ***લીલુભા મહોમતસીંગ વિરૂધ્ધ ગુજરાત રાજય****ના ચુકાદામાં નામદાર અદાલતે ઠરાવેલ છે તે મુજબ આરોપી વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે સાબીત કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉ પર રહેલો છે,જયારે સાબીતી થયેલા અને ન સાબીત થયેલી હકીકતો વચ્ચે મોટો તફાવત હોય અને જયારે અનુમાનોને આધારે પરીણામ નિર્ણીત કરવાનું હોય ત્યારે તેનો લાભ આરોપી પક્ષને મળવા પાત્ર છે.*

(૧૮.૨) નામદાર ગુજરાત હાઈકોર્ટના ***કાળુભાઈ દાણાભાઈ પટેલ વિ.સ્ટેટ ઓફ ગુજરાત***માં એવું ઠરાવેલ છે કે, સાક્ષીની વિશ્વસનીયતા અંગે કોઈ નિયમો કે કાર્યવાહીથી નિયંત્રીત થતી નથી, પરંતું તેના સમગ્ર પુરાવાને ધ્યાનમાં રાખીને તેનો નિર્ણય કરવાનો રહે છે. ઘણા બધા પરીબળો જેવા કે, અદાલત સમક્ષ તેની ઉભી કરેલી છાપ, તેના નિવેદનો, પક્ષકારો વચ્ચે દુશ્માનાવટ વિગેરે બાબતો ધ્યાને લઈ પુરાવાઓનું મુલ્યાંકન કરવાનું રહે છે. સદર કેસમાં પુરાવાઓનું મુલ્યાંકન કરતાં આરોપી વિરૂધ્ધનો કેસ સંપુર્ણપાણે સાબીત થઈ શકેલ નથી અને આરોપીએ ગુનો કર્યા અંગે શંકા ઉત્પાન્ન થાય છે. જેથી ફરીયાદ પક્ષના આક્ષેપીત ગુન્હાઓ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે સંપુર્ણ પુરવાર થતાં નહિ હોવાનું આ અદાલતનાં રેકર્ડ ઉપર આવેલું છે.

(૧૮.૩) ૨૦૦૫ (૨) એકવીટલ,૩૬૪ (એ.પી.) માં પ્રસિધ્ધ થયેલ જન્નુ પ્રસાદ વિરૂધ્ધ સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશના ચુકાદામાં એવું ઠરાવવામાં અવોલ છે તે મુજબ ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૬ મુજબ ફરીયાદપાક્ષ

આરોપીની સામેનું તહોમત નિ:શંકપણે સાબીત કરવામાંથી મુકત થતો નથી અને આ કલમ મુજબ ફરીયાદપક્ષે ફરીયાદમાં જણાવેલ હકીકતો અને આરો પી સામેનું તહોમત પરસ્પર સાંકળીને સફળ રીતે સાબીત કરવાનું હોય છે કે જેથી આરોપીની વિરુધ્ધમાં વાજબી અનુમાન થઈ શકે.

(૧૯) ઉપર મુજબની ચર્ચા તથા આરોપી વિરૂધ્ધ ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવો ધ્યાને લેતી વખતે અને તહોમત અંગેનો નિર્ણય કરતી વખતે નામ. ઉચ્ચ અદાલતોએ કેટલાક ચુકાદાઓમાં પ્રસ્થાપરીત કરેલ સીંધ્ધાંતો લક્ષમાં લેવા જરૂરી છે.

(૧) The burden of proving the guilt of the accused beyond reasonable doubt is on the prosecution. The prosecution has to rely on such reliable and cogent evidences that the nexus between the accused and the crime alleged be established according to the settled position of law. Indian law is adversarial in nature and therefore the accused is charged with no burden to prove his innocence. It is deemed that the accused is innocent until proved guilty. Therefore, the prosecution has to establish the guilt beyond reasonable doubt and if the prosecution fails to do the same, the benefit of doubt goes in the favour of the accused.

(૨) Further, it is a cardinal principle of criminal jurisprudence that prosecution has to prove its case beyond reasonable doubts by leading reliable, cogent and convincing evidence. It is a settled proposition of criminal law that in order to successfully bring home the guilt of the accused, prosecution is supposed to stand on its own legs and it cannot derive any benefits whatsoever from the weakness, if any, in the defense of the accused. Accused is entitled to the benefit of every reasonable doubt in the prosecution story and any such doubt in the prosecution case entitles the accused to acquittal.

(૩) The Hon'ble Gujarat High Court has held the ratio in it's decision delivered in case of ***LILUBHA MAHOBATSING Vs. STATE OF GUJARAT, 1991[1] G.L.R. 226*** that in criminal trial, necessity of proving the guilt of Accused beyond reasonable doubt rest on prosecution and where the result rests only on inferences or conjections, that approach which helps the Accused must be

accepted and further held that when there is demarcating line between “Facts Proved” and Fact Not Proved”, then benefit must go to Accused.

(૪) નામદાર ગુજરાત હાઈકોર્ટના **કાળુભાઈ દાણાભાઈ પટેલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત**માં એવું ઠરાવેલ છે કે, સાક્ષીની વિશ્ર્વસનીયતા અંગે કોઈ નિયમો કે કાર્યવાહીથી નિયંત્રીત થતી નથી, પરંતું તેના સમગ્ર પુરાવાને ધ્યાનમાં રાખીને તેનો નિર્ણય કરવાનો રહે છે. ઘણા બધા પરીબળો જેવા કે, અદાલત સમક્ષ તેની ઉભી કરેલી છાપ, તેના નિવેદનો, પક્ષકારો વચ્ચે દુશ્મનાવટ વિગેરે બાબતો ધ્યાને લઈ પુરાવાઓનું મુલ્યાંકન કરવાનું રહે છે. સદર કેસમાં પુરાવાઓનું મુલ્યાંકન કરતાં આરોપી વિરૂધ્ધનો કેસ સંપુર્ણપણે સાબીત થઈ શકેલ નથી અને આરોપીએ ગુનો કર્યા અંગે શંકા ઉત્પન્ન થાય છે. જેથી ફરીયાદપક્ષના આક્ષેપીત ગુન્હાઓ આરોપી વિરૂધ્ધ નિઃશંકપણે સંપુર્ણ પુરવાર થતાં નહી હોવાનું આ અદાલતના રેકર્ડ ઉપર આવેલું છે.

(૫) The Hon'ble Andhra Pradesh High Court has held the ratio in it's decision delivered in case of ***JANNU PRASAD Vs. STATE OF ANDHRA PRADESH, 2005(2) ACUITTAL 364 (A.P.)*** that Section 106 of Indian Evidence Act, 1872, not intended relieve the prosecution of it's burden to prove the guilt of Accused and it would apply to cases where the prosecution has succeeded in proving facts from which a reasonable inference can be drawn regarding offence. The Hon'ble Supreme Court of India has held the ratio in it's decision delivered in case of ***Dr. S. L. GOSWAMI Vs. STATE OF M.P., AIR 1972 SC 716*** that the onus of proving all the ingredients of an offence is always upon the prosecution and at no stage does it shift to the Accused. It is no part of the prosecution duty to somehow hook the crook. Even in cases where the defense of the Accused does not appear to be credible or is palpably false that burden does not become any the less. It is only when this burden is discharged that it will be for the Accused to explain or contravene the essential elements in the prosecution case which would negative it and even if the onus shifts upon the Accused and

the Accused has to establish his plea, the standard of proof is not the same as that which rests upon the prosecution and where the onus shifts to the Accused and the evidence on his behalf probabilities the plea he will be entitled to the benefit of reasonable doubt.

(૨૦) આમ, આ કામે ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવા જોતાં આ કામના આરોપી સામે મુખ્યત્વે છેતરપીંડીનો આરોપ મુકવામાં આવેલ છે. આ ઉપરાંત ફરીયાદપક્ષના સાહેદોને અપનયન કરીને ગોંધિ રાખીને માર મારીને જીવનું જોખમ ઉભું કરીને રોકડ રકમ મેળવી લેવાનો આરોપી પણ છે. આ કામે **Actus non facit reum, nisi mens sit rea** The act itself does not constiture guilt unless done with a quilty mind. (કર્તાનું મન જો અપારાધી ન હોય તો કાર્ય કોઈને અપરાધી બનાવતું નથી.)**Affirmanti non neganti incumbit probatio** The burden of proof lies upon him who affirm, not upon him who denies. (આક્ષેપકર્તા પર પુરાવાનો બોજો છે, નહિ કે તેનો ઈન્કાર કરનાર પર રહે છે) જેવા લીગલ મેક્સીમ પણ ધ્યાને લેવા જરૂરી છે.

(૨૧) આ કામમાં ફરિયાદ પક્ષે કરેલી ફરિયાદ ના મુખ્ય તત્ત્વો જોતા આરોપીઓ સામે આક્ષેપ કરવામાં આવેલ છે કે હાલના આરોપી લાલજીભાઈ ઉર્ફે સુરેશભાઈ પટેલ તથા અન્ય આરોપી સમીર ઉર્ફે વિજયનાઓએ ભેગા મળીને આ કામના ફરિયાદી તથા અન્ય સાહેદોને વિદેશ અમેરીકા અને કેનેડા લઈ જવાની લાલચ આપીને ફરિયાદી તથા સાહેદોને આણંદથી દિલ્હી અને દિલ્હીથી હરિયાણા મુકામે લઈ જઈને ફરિયાદી તથા સાહેદોને હરિયાણાના પાણીપત વિસ્તારમાં ગોંધી રાખીને તથા હાથ પગ બાંધીને મારઝૂડ કરીને બળજબરીપૂર્વક ફરિયાદી તથા સાહેદો પાસેથી સોનાના દાગીના તથા રોકડ રકમ લઈ લીધેલા. આ દરમિયાન આરોપીઓએ ફરિયાદી તથા સાહેદોને પોતપોતાના ઘરે વાત કરાવેલી અને ૨૫ લાખ રૂપિયા જેટલી રકમ આરોપીઓએ મેળવી લીધેલી અને આમ કરીને આરોપીઓએ ફરિયાદી તથા સાહેદો સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરેલ છે તથા સાહેદોનું અપહરણ અને અપનયન કરીને અટકાયતમાં

રાખીને તેઓને ઈજા કરીને તથા તેમનું મૃત્યુ થશે તેવો વ્યાજબી ભય પેદા કરીને તેમની પાસેથી નાણા પડાવી લીધેલ છે, તે મુજબની ફરિયાદ આપવામાં આવેલ.

(૨૨) આ કામે ફરિયાદીની જુબાની ટ્રાયલ કોર્ટ આંકલાવ ખાતે નોંધવામાં આવેલ અને અન્ય એક સાહેદ કમલેશભાઈની જુબાની પણ આંકલાવ ખાતે મેજિસ્ટ્રેટ કોર્ટમાં નોંધવામાં આવેલ. આ દરમિયાન પ્રોસીક્યુશન દ્વારા અરજી આપવામાં આવેલ અને તે લગત ઇ.પી.કો. કલમ–૩૬૪(એ) મુજબની કલમનો પણ ઉમેરો કરવામાં આવેલ. જે ગુનો સેશન્સ ટ્રાયબલ હોવાથી આ અદાલતમાં કમિટ કરવામાં આવેલ અને હાલના કેસમાં આરોપી સામે તહોમતનામું ફરમાવ્યા બાદ પ્રોસ્ટિટ્યુશન દ્વારા આંક–૧૧ થી અરજી રજૂ કરવામાં આવેલ છે. જે ધ્યાને રાખીને અગાઉ લેવાયેલ ફરિયાદીની જુબાની ને આંક–૧૨ તથા સાહેદ કમલેશભાઈની જુબાનીને આંક–૧૩ આપવામાં આવેલ અને રેકર્ડ પર લેવામાં આવેલ. જે મુજબ અસલ ફરિયાદને આંક–૧૨ આપવામાં આવેલ છે.

(૨૩) જે ફરિયાદીની જુબાની લગત બચાવપક્ષ દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં સ્વીકારવામાં આવેલ હકીકતો જોતા ફરિયાદીએ સ્વીકારેલ છે કે આરોપી લાલજીભાઈ તેમની સાથે કોઈપણ જગ્યાએ કોઈ પણ હોટલમાં ક્યારેય રોકાયેલા નથી. તે હકીકત પણ સ્વીકારેલ છે કે તે દિવસે તેમને જે હોટલમાં રાખવામાં આવેલા તેમાં અન્ય વ્યક્તિઓ પણ હતા અને તેમાં હાલના આરોપી લાલજીભાઈના જમાઈ બુધાભાઈ પણ હતા. તે હકીકત પણ સ્વીકારેલ છે કે કાવીઠા નો ધ્રુવિન પણ આ બનાવમાં ફરિયાદીની સાથે જ હતો અને ભોગ બનનાર હતો. તેણે આરોપી સામે કોઈ ફરિયાદ આપેલ નથી. તે હકીકત પણ સ્વીકારેલી છે કે આરોપી લાલજીભાઈએ કોઈ પૈસા લીધેલ હોય તેવી કોઈ રસીદ કે લખાણ ફરિયાદી પાસે કે બીજા કોઈ સાહેદ પાસે નથી. તે હકીકત પણ સ્વીકારેલ છે કે વિજય નામના એજન્ટને તેઓ દિલ્હીમાં જોવા મળેલા. તે હકીકત પણ સ્વીકારેલ છે કે તેઓને હરિયાણા મુકામે કોઈ માર મારવામાં આવેલ હોય તેની કોઈ મેડિકલ સારવાર લીધેલ નથી અને આ બાબતની ફરિયાદ પણ વીસેક દિવસના વિલંબથી આપવામાં આવેલ છે. આણંદ ખાતે પરત આવીને પણ આરોપી લાલજીભાઈ પાસેથી રકમ પરત મેળવવા કોઈ કાયદેસરની નોટીસ આપેલ નથી કે સામાજિક રીતે સમાધાન કરવા પણ કોઈ પ્રયત્ન કરેલ નથી.

(૨૪) આમ, ફરિયાદી સાથે હરિયાણા મુકામે જે કોઈ ગુનાહિત બનાવ બન્યો ત્યાં આરોપી લાલજીભાઈ હાજર ન હોવાનું અને તે બનાવમાં આરોપી લાલજીભાઈ સંડોવાયેલા ન હોવાનું ફરિયાદીએ સ્વીકારેલ છે. આ ઉપરાંત સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે આરોપી લાલજીભાઈ ફરિયાદીની સાથે જ દિલ્હી આવેલા અને બે દિવસ રોકાયેલા. તે બંને અલગ અલગ હોટલમાં રોકાયેલા અને આ દરમિયાન ફરિયાદીએ આરોપી લાલજીભાઈનો સંપર્ક કરવાનો પ્રયાસ કરેલ નહીં. આમ આરોપી લાલજીભાઈ ને ફરિયાદીએ આણંદ પરત આવી ગયા પછી પણ તેમનો સંપર્ક કરેલો અને બનાવની વિગતો જણાવેલી અને ત્યારબાદ ૨૦-૨૨ દિવસ પછી પોલીસ ફરિયાદ કરેલ હતી. આ દરમિયાન હાલના આરોપી લાલજીભાઈ ક્યાંય નાસી ભાગી ગયેલ હોય અથવા તો ફરિયાદીને મળવાનું ટાળેલ હોય તેવી કોઈ હકીકત રેકોર્ડ પર આવેલ નથી. આમ, ફરિયાદીની સમગ્ર જુબાનીથી અને ઉલટ તપાસમાં આવેલી હકીકતો જોવામાં આવે તો સમગ્ર બનાવ હરિયાણા મુકામે બનેલો છે અને આ બનાવમાં હાલના અરજદાર આરોપીની ક્યાંય હાજરી હોય તેવી હકીકત રેકર્ડ પર આવતી નથી. આ ઉપરાંત ફરિયાદી પાસેથી કોઈ દાગીના કે રોકડ રકમ પડાવી લીધેલ હોય તેવી હકીકત પણ સમર્થિત પુરાવાથી પુરવાર કરવામાં ફરિયાદી નિષ્ફળ રહેલ હોવાનું જણાય છે. ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઈ શારીરિક માર મારવામાં આવેલ હોય તો ફરિયાદીએ અચૂકપણે તેની સારવાર કરાવેલ હોત, પરંતુ ફરિયાદીએ ક્યાંય સારવાર લીધેલ ન હોવાનું સ્વીકારેલ છે. આ ઉપરાંત હરિયાણાથી આણંદ આવી ગયા ત્યાં સુધી રસ્તામાં અનેક તકો મળેલ હોવા છતાં કોઈ ઠેકાણે પોલીસ ફરિયાદ કરેલ નથી. જેથી ફરિયાદીની ઉલટતપાસ દરમિયાન આરોપી લાલજીભાઈને સાંકળી શકાય તેવો કોઈ સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર આવતો ન હોવાથી ફરિયાદ હકીકત શંકાસ્પદ બનેલ છે.

(૨૫) ફરિયાદપક્ષે આંક-૧૩થી સાહેદ કમલેશકુમાર પુંજાભાઈ પટેલને તપાસેલ છે. આ સાહેદ ફરિયાદ વાળા બનાવ વખતે ફરિયાદીની સાથે હતા પરંતુ આ સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં તથા ઉલટતપાસમાં જે હકીકતો જણાવેલ છે તેનાથી તેમની સાથે જે કોઈ ગોંધી રાખવાનું કે દાગીના કે રોકડ રકમ પડાવી લેવાનો ગુનાહીત બનાવ બનેલ તે વખતે આરોપી લાલજીભાઈ ત્યાં હાજર હોય તેવું રેકર્ડ પર આવતું નથી. આ સાહેદે તે પણ સ્વીકારેલ છે કે તેઓએ તેઓના પાસપોર્ટ પર કોઈ વિઝા મેળવેલા ન હતા અને રેગ્યુલર વર્ક પરમીટ કઢાવવા માટે તેમણે પાસપોર્ટ લાલજીભાઈને આપેલ હતો. આ સિવાય

તેઓની સાથે બનેલા ગેરકાયદેસર અને ગુનાહિત કૃત્યમાં આ કામના આરોપી લાલજીભાઈની હાજરી કે ચંડોમણી હોય તેવી હકીકતો જણાવેલ નથી. આ સાહેદે પણ હરિયાણા ખાતે બનાવ બન્યા બાદથી તેઓ આણંદ પહોંચ્યા ત્યાં સુધી કોઈ પણ રીતે બનાવની પોલીસને જાણ કરેલી નથી. આ ઉપરાંત સાહેદે સ્પષ્ટ સ્વીકારેલ છે કે આરોપી લાલજીભાઈને તેઓએ કોઈ પૈસા આપેલ હોય તેવો પુરાવો પોલીસે તેમની પાસે માગેલ નહીં અને આવો કોઈ પુરાવો તેઓએ પોલીસને આપેલ નહીં. આમ, આ સાહેદની જુબાનીથી પણ આરોપી લાલજીભાઈને આ બનાવ સાથે સાંકળી શકાય તેમ નથી.

(૨૬) ફરિયાદપક્ષે તપાસેલ સાહેદ ચિરાગભાઈ ચતુરભાઈ આંક–૧૪થી પોતાની જુબાનીમાં જણાવેલ છે કે તેમના ભત્રીજા કેતનભાઇને કેનેડા જવાનું હતું તે બાબતે આરોપી લાલજીભાઈ સાથે તેમનો સંપર્ક કરેલો અને રૂપિયા ૨૫ લાખમાં કેનેડા લઈ જવાનું નક્કી થયું હતું. કેતનભાઇએ લાલજીભાઈ ને રૂપિયા ૨૫ લાખ આપેલા પરંતુ કેનેડા લઈ ગયેલા નહીં અને દિલ્હીમાં ક્યાંક લઈ ગયેલ અને ત્યાં તેમની સાથે મારઝુડ કરેલી. આ સાહેદને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલ છે. આ સાહેદ બનાવના કોઈ નજરે જોનાર સાહેદ નથી અને પોલીસ સમક્ષ આપેલા પોતાના નિવેદનની હકીકતોથી જુદી હકીકતો જણાવેલ હોવાથી અને ફરિયાદપક્ષની હકીકતોને સમર્થન મળેલ ન હોવાથી તેમને ફરી ગયેલા જાહેર કરેલ છે. જેથી તેમની જુબાની પર આધાર રાખીને પણ આરોપી લાલજીભાઈને બનાવ સાથે સાંકળી શકાય તેમ નથી.

(૨૭) સાહેદ ધર્મેશભાઈ સુરેશભાઈ સોની ને આંક–૧૫થી તપાસવામાં આવેલા છે. તેઓએ જણાવેલ છે કે તેમને કેનેડા જવા માટે લાલજીભાઈનો સંપર્ક થયેલો અને લાલજીભાઈએ તેમને કેનેડા લઈ જવાની વાત કરેલી. પરંતુ તેમને હરિયાણા પાણીપતના કોઈ રસ્તે લઈ ગયેલા અને જ્યાં તેમને અન્ય છ સાત સાહેદોની સાથે ગોંધી રાખેલા અને આ સાહેદોને ત્યાં મારવાનું પણ ચાલુ કરી દીધેલું અને સાહેદોના રોકડ રકમ પણ લઈ લીધેલી અને ત્યારબાદ હરિયાણા હાઈવે પરથી દિલ્હી રેલવે સ્ટેશન અન્ય સાહેદો સાથે તેઓ પહોંચી ગયેલા અને ત્યાંથી પોતાના ઘરે બરોડા મુકામે પહોંચી ગયેલા. આ સમગ્ર પ્રકરણ બાબતે હિરેનભાઈએ ૨૫ થી ૨૬ લાખ રૂપિયા લાલજીભાઈને આપેલ હતા તેમ જણાવેલ છે. પરંતુ ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારી લીધેલ છે કે તેમણે આ રકમ કોને આપેલ હોવા જણાવેલ તે હાલ તેમને ચોક્કસ યાદ નથી. આ ઉપરાંત તેઓએ જણાવેલ છે કે તેમને ઘેનની દવાઓ આપતા હોવાથી તેઓ ભાનમાં ન

હતા જેથી તેમની સાથે શું થયેલું છે તેઓ સ્પષ્ટ કહી શકતા નથી. આ ઉપરાંત તેમ જણાવેલ છે કે તેમને ગોંધી રાખેલ હતા અને માર મારેલ હતો. તેથી તેમના માથાના ભાગે અને કાનની ઉપરની બાજુ ઈજા થયેલી અને લોહી નીકળેલ તથા કપડા ઉપર પણ પડેલ હતું પરંતુ તે હકીકત સ્વીકારેલ છે કે રેલવે સ્ટેશન પર પોલીસ ફરતી હતી અને આ બનાવ બાબતે કોઈ ફરિયાદ દિલ્હી પોલીસ સ્ટેશન કે તેની આસપાસના પોલીસ સ્ટેશનમાં તેમણે આપેલ નથી તથા બનાવ બાબતે પણ તેમણે કોઈ ફરિયાદ આપેલી નથી. ઉલટ તપાસમાં ખૂબ જ સ્પષ્ટ રીતે સ્વીકારેલ છે કે આરોપી લાલજીભાઈએ તેમને કોઈ શારીરિક રીતે મારઝુડ કરેલ હોય કે કોઈ ઘેનની દવા આપેલ હોય તેવું બનેલ નથી અને તેમની સાથે જે કોઈપણ ગુનાહિત કૃત્ય થયું છે તે હરિયાણાના ઈસમોએ કરેલ. આમ, આ સાહેદની જુબાનીથી પણ આરોપી લાલજીભાઈને બનાવ સાથે સાંકળી શકાય નથી.

(૨૮) ફરિયાદપક્ષે સાહેદ રાજેશભાઈ પુંજાભાઈ પટેલને આંક-૧૬થી તપાસવામાં આવેલ છે. તેઓએ જણાવેલ છે કે તેમના ગામના વિનોદભાઈના દીકરા કેતનભાઇ તથા તેમના ભાઈ કમલેશભાઈ ને આ લાલજીભાઈ મારફત કેનેડા મોકલવાનું નક્કી કરવામાં આવેલું અને તે અંગે રૂપિયા ૨૫ લાખ આપવાનું નક્કી થયેલું. ત્યારબાદ ચાર પાંચ દિવસ પછી આ સાહેદના ભાઈ કમલેશભાઈ સાંજના સમયે ઘરે પાછા આવી ગયેલા અને તેમની પૂછપરછ કરતાં તેમણે હરિયાણા મુકામે તેમની સાથે ગોંધી રાખીને મારઝૂડ કરીને ગુનાહિત કૃત્ય થયેલ હોવાનું જણાવેલું. ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે તેમને લાલજીભાઈ સાથે સીધો કોઈ પરિચય નથી અને લાલજીભાઈ સાથે તેમને સીધી રીતે કોઈ વાતચીત થયેલી નથી. આ સાહેદને બનાવ વિશેની તમામ હકીકત તેમના ભાઈએ જણાવેલી અને તેમને બનાવ બાબતે કોઈ અંગત જાત માહિતી નથી. આ સાહેદે પણ પોતે જણાવ્યા મુજબની રોકડ રકમ કોને આપેલી અને ક્યારે આપેલી તેવી કોઈ હકીકત સ્પષ્ટપણે જણાવેલ નથી. તેમની સાથે જે કોઈ બનાવ બનેલ તે પણ હરિયાણા મુકામે બનેલ અને ત્યાં આરોપી લાલજીભાઈની હાજરી હોય તેવી હકીકત પણ આ સાહેદ જણાવી શકેલ નથી. જેથી આ સાહેદની જુબાનીથી પણ આરોપી લાલજીભાઈને બનાવ સાથે સાંકળી શકાય તેમ નથી.

(૨૯) સાહેદ લાલજીભાઈ વીરાભાઇ વાઘેલાને આંક-૧૭થી તપાસવામાં આવેલા છે. તેઓ પોલીસ સાહેદ છે અને તેમણે જણાવેલ છે કે તેઓએ ફરિયાદ

મળતા ગુનો રજીસ્ટર કરેલો અને સાહેદોના નિવેદન લીધેલા તથા મોબાઈલ કોલ ડીટેલ મેળવવા તજવીજ કરેલી અને ત્યારબાદ આગળની તપાસ એલસીબી આણંદ તરફ મોકલેલ. ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે તેમણે માત્ર સાહેદોના નિવેદનો લીધેલા છે અને ગુનાવાળી જગ્યાની કોઈ મુલાકાત લીધેલ હોય કે પંચનામું કરેલ હોય તેવું બનેલ નથી. ગુનાવાળી જગ્યાએ જઈને આજુબાજુના કોઈ વ્યક્તિનું નિવેદન લીધેલું નથી. ગુનાની તપાસ માટે દિલ્હી ગયેલ હોય તેવું પણ બનેલ નથી. આ ઉપરાંત ફરિયાદમાં જણાવ્યા મુજબના એક પણ સાહેદને કોઈ શારીરિક ઈજા થયેલ હોય અને તેમણે કોઈ સારવાર લીધી હોય તેવું કોઈ મેડિકલ સર્ટિફિકેટ પણ મેળવવામાં આવેલ નથી. આમ, આ સાહેદ તપાસ કરનાર અધિકારી છે, પરંતુ આરોપી લાલજીભાઈને સાંકળી શકાય તે અંગેની કોઈ તપાસ તેઓએ કરેલ હોય તેમ જણાતું નથી.

(૩૦) ફરિયાદપક્ષે સાહેદ દિલીપભાઈ અશોકભાઈ પટેલને આંક–૧૯થી તપાસવામાં આવેલ છે. તેમણે ફરિયાદ અંગેની વિગતો જણાવેલ છે અને આ સાહેદને ફરિયાદપક્ષે કરી ગયેલા જાહેર કરેલ છે. ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે તેમણે ક્યારેય આરોપી લાલજીભાઈની સામે કોઈ ફરિયાદ આપેલ નથી. આ ઉપરાંત આરોપી લાલજીભાઈ સાથે તેમણે કોઈ સીધો આર્થિક વ્યવહાર કરેલો નથી અને આરોપી લાલજીભાઈ રેલ્વે સ્ટેશનને મૂકવા આવ્યા હોય અને દિલ્હી મુકામે હાજર હોય તેવું બનેલ નથી. આમ આ સાહેદે સ્વીકારેલી સ્પષ્ટ હકીકતો ધ્યાને લેતા આ કામના આરોપી લાલજીભાઈ દ્વારા ફરિયાદી કે સાહેદોને વિદેશ મોકલવાની લાલચ આપીને તેમને ખોટી રીતે હરિયાણા મોકલીને ત્યાં એક સોસાયટી જેવા વિસ્તારમાં મકાનમાં ગોંધી રાખીને હાથપગ બાંધી મારઝુડ કરી બળજબરી કરી ફરિયાદી તથા સાહેદોની પાસેથી સોનાના દાગીના તથા રોકડ રકમ લઈ લીધેલ હોય અને પોતાના ઘરે ફોન પર વાત કરાવડાવીને તેઓ કેનેડા પહોંચી ગયેલ છે, તેવું કહેવડાવીને ૨૫–૨૫ લાખ રૂપિયા મેળવી લઈને તેઓ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરેલ હોય અને આમ કરવા સાહેદોનું અપહરણ કે અપનયન કરીને તેમને અટકાયતમાં રાખીને તથા મૃત્યુ થાય તેવો ભય પેદા કરીને કોઈ ગુનાહિત કૃત્ય કર્યું હોય, તેવી કોઈ હકીકત ફરિયાદપક્ષ પુરવાર કરી શકતી નથી.

(૩૧) આમ, ફરિયાદપક્ષે રજૂ કરેલ તમામ પુરાવો જોતા ફરિયાદમાં જણાવ્યા મુજબનો મૂળ ગુનાહિત બનાવ હરિયાણા ખાતે બનેલ છે. ફરિયાદી કે સાહેદે હરિયાણા મુકામે કોઈ પોલીસ ફરિયાદ આપેલ નથી. આ ઉપરાંત હરિયાણાથી

ટ્રેન મારફત આણંદ આવી ગયા બાદ પણ તાત્કાલિક પોલીસ ફરિયાદ આપેલ નથી અને આશરે ૨૦ દિવસના વિલંબથી ફરિયાદ આપેલ છે, તે બાબતનો કોઈ ખુલાસો કરેલ નથી. ફરિયાદી અને સાહેદો જે ઘટનાક્રમ જણાવી રહ્યા છે તે ઘટનાક્રમ દરમિયાન આરોપી લાલજીભાઈની કોઈ સ્થળે હાજરી હોય તેવું ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. ફરિયાદી કે એક પણ સાહેદે ફરિયાદમાં જણાવ્યા મુજબની કોઈ રોકડ રકમ આરોપી લાલજીભાઈને આપેલ હોય તેવી હકીકત પણ રેકોર્ડ પર આવેલ નથી. સાહેદોને હાથ પગ બાંધીને માર મારવામાં આવેલ હોય અને ઈજા થયેલ હોય તેની સાહેદોએ કોઈ સારવાર પણ લીધેલ નથી અને તે હકીકત પણ પુરવાર થયેલ નથી. તે સંજોગોમાં ફરિયાદની હકીકતો લેશમાત્ર પુરવાર થઈ શકેલ નથી અને બનાવની હકીકતો અને ઘટનાક્રમ સાથે આરોપી લાલજીભાઈને સાંકળી શકાય તેવો સહેજ પણ સબળ પુરાવો રેકર્ડ પર આવેલો નથી. આ હકીકતો ધ્યાને લેતા તમામ આક્ષેપ અન્ય આરોપી વિજય સમીર કે વિજય સામે થયેલ છે, જેને આ ગુનાના કામે પકડવામાં આવેલ નથી અને નાસતો ફરતો દર્શાવવામાં આવેલ છે. તમામ ગુનાહીત બનાવ હરીયાણા ખાતે બનેલ છે, પરંતુ તપાસ કરનાર અધિકારી દ્વારા દિલ્હી કે હરિયાણાના ગુનાવાળી જગ્યાની મુલાકાત લેવામાં આવેલ નથી અને ગુનાવાળી જગ્યાએ જઈને કોઈ તપાસ કરવામાં આવેલ નથી. જેથી બનાવ હરિયાણા બન્યો હોય અને ત્યારથી ફરિયાદી અને સાહેદોએ આણંદ આવીને ફરિયાદ આપેલ હોય તો તે ગુનો સતત પ્રકારનો માનીને હકુમતનો બાધ નથી, તેવું માનવામાં આવે તો પણ આ ગુનાની તપાસ લગત સ્થાનિક પોલીસે ગુનાવાળી જગ્યાએ જવું અને પુરાવા ભેગા કરવા તથા આસપાસના સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવા અનિવાર્ય છે. પરંતુ આ કામે તે મુજબની કોઈ વિધિસર તપાસ થયેલી નથી. જેથી ફરિયાદપક્ષના કેસને કોઈ સબળ પુરાવા પ્રાપ્ત થયેલા નથી જે મૌખિક પુરાવા ફરીયાદપક્ષે રજૂ કરેલા છે તે હાલના આરોપી લાલજીભાઈને બનાવ સાથે સાંકળવા માટે પર્યાપ્ત નથી. તે સંજોગોમાં ફરિયાદની હકીકત અને અને આરોપી સામે ફરમાવવામાં આવેલા તહોમતનામાં સામે શંકા ઉદ્ભવતી હોય મુદ્દા **નંબર ૧ નો ઉત્તર નકારમાં** ઠરાવી **મુદ્દા નંબર ૨** અન્વયે આખરી હુકમ નીચે મુજબ કરાવવામાં આવે છે.

**––– હુકમ –––**

૧. ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ– ૨૩૫ (૧) મુજબ આ કામના આરોપી(૧) લાલજીભાઈ ઉર્ફે સુરેશભાઈ જશભાઈ બીન બેચરભાઈ પટેલ ,ઉ.વ. ૫૯

રહેવાસી–કાવીઠા,જૈન મંદીર પાસે,તા.બોરસદ, જિલ્લો–આણંદ ને ભારતીય દંડ સંહિતાની કલમ–**૪૨૦, ૪૦૬,૩૪૨, ૩૮૪, ૧૨૦(બી), ૩૬૪(એ)** મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવા હુકમ કરવામા આવે છે.

૨. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ, જો હોય તો, તેની માલીકીની ખરાઇ કરીને પરત કરવાનો હુકમ કરવામાં આવેલ છે. વચગાળાનો હુકમ કરેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે. તે સિવાયનો મુદ્દામાલ અપિલ સમય બાદ, વાજબી સમયમાં મુદ્દામાલ બાબતે કલેમ રજુ ન થાય તો નિયમોનુસાર પ્રક્રિયા અનુસરીને નાશ કરવો.

૪. પ્રત્યેક આરોપી તરફે ક્રિ.પ્રો.કોડ કલમ ૪૩૭(એ) મુજબ અપીલ સમય દરમ્યાન ના રુ.૧૦,૦૦૦/– ના જામીન તથા જાત મુચરકા આપવા.

સદર હુકમ આજ તારીખ **૨૯મી** સને **જુન** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરેલ છે.

**(રાહુલ વસંતલાલ ચાવડા) જીજે૦૧૦૧૯**

તારીખ :– ૨૯.૦૬.૨૦૨૬

**ચોથા એડીશ્નલ સેશન્સ જજ**

સ્થળ :–આણંદ.

**આણંદ**

self